
કલા, કારીગરી અને કૌશલ્યને ઉજાગર કરતું માસિક • 10, September 2022 | ₹ 30

# વિશ્વકર્મા વિશ્વ

## ગાંધીનગરમાં વિશ્વકર્મા સમાજનું સ્નેહમિલન





જામનગરમાં યોજાયો તેજસ્વી સન્માન સમારોહ



મુંબઇ વિશ્વકર્મા બાગ દ્વારા ગૌરવ ઇનામ વિતરણ સમારોહ



પોરબંદરમાં કેતનભાઇ ગજજરનું સન્માન

# જામનગર વિશ્વકર્માજીના મંદિરમાં લીફ્ટનું કર્નલ પ્રમોદભાઇ અંબાસણાના હસ્તે ઉદ્‌ઘાટન

## દેશ સેવા સાથે સમાજ સેવાની ભાવનાથી ૫ લાખનું અનુદાન








ફક્ત જામનગર જ નહીં સમગ્ર ગુજરાતનીઓનું ગૌરવ એવા જામનગરના સ્વ. રમેશભાઇ શામજીભાઇ અને ગં. સ્વ. ભાનુબેન રમેશભાઇ અંબાસણાના પુત્ર કર્નલ શ્રી પ્રમોદભાઇ અંબાસણા ભારતીય થલ સેનાના મેડાલીસ્ટ છે. તેઓ દેશ સેવા કરવાની સાથોસાથ સમાજ સેવા કરવાનું ચુકતા નથી. જામનગર જ્ઞાતિ અને અન્ય સમાજની સેવા કરવા તેઓ સદા તત્પર રહે છે. જામનગર ગુર્જર સુતાર જ્ઞાતિ બે માળની લીફ્ટની જરૂરીયાત જણાતા તેઓએ તેમના પિતા સ્વ. રમેશભાઇ શામજીભાઇ અંબાસણાની સ્મૃતિમાં લીફ્ટ બનાવવા રૂા. પાંચ લાખનું અનુદાન આપ્યું. આ લીફ્ટનું ઉદઘાટન તા. ૭-૮-૨૨ના રોજ કર્નલ શ્રી પ્રમોદભાઇ અને તેમના પત્ની શીતલબેન કે જેઓ પણ સૈનિક સ્કુલમાં પ્રિન્સીપાલ છે. તેમના વરદ હસ્તે કરવામાં આવ્યું.

ગં.સ્વ. ભાનુબેન રમેશભાઇ અંબાસણા, કર્નલ શ્રી પ્રમોદભાઇ આર. અંબાસણા અને જીજ્ઞેશભાઇ આર. અંબાસણા દ્વારા અપાયેલા અનુદાનથી લીફ્ટની સુવિધા ઉભી કરવામાં આવી. આ પ્રસંગે સ્વ. શામજીભાઇ હંસરાજભાઇ અંબાસણા પરિવારના ભગવાનદાસભાઇ, કંચનબેન જમનાદાસ બકરાણિયા વગેરે પરિવારજનો ઉપરાંત જ્ઞાતિના હોદ્દેદારો ઉપસ્થિત રહયા હતા.

VISHWAKARMA VISHAWA
(GUJARATI-MONTHLY)
RNI REGD. NO.GUJGUJ/2013/49269




Volume No.-11, Issue No.8
Date : 10-09-2022

Page : 36
Retail Price Rs.30/-
Annual Subscription Rs. 300/-

**Editor :** Pravin Dayaljibhai Gajjar (Bhadeshia)

**Graphic Design :** Amit Vaghela

**Web Editor :** Parth Gajjar

**Marketing :** Rameshbhai Vaghasana

**Office :** Vishwakarma Vishwa, Ramy Publication, 320, Heera Panna Complex, Dr. Yagnik Road, Rajkot-360001. Ph. 0281-2461858

**Editor-Publisher-Owner & Printer**: Pravin Dayaljibhai Gajjar (Bhadeshia), Printed & Published at Ramy Printers, 'Meghavi', R.M.C. Nagar, Near Jain Boarding, Airport Road, Rajkot-360007, (Gujarat)

**E-mail:** vishwakarmavishwa@yahoo.com
**Web:** vishwakarmavishwa.com
www.fb.com/vishwakarmavishwa

**'વિશ્વકર્મા વિશ્વ'માં પ્રકાશિત થતી વાંચન સામગ્રીમાં વ્યક્ત થતા વિચારો જે-તે લેખકના છે. એની સાથે તંત્રી/સંપાદક હંમેશા સંમત જ છે તેમ માનવું નહીં. કાનૂની ક્ષેત્ર રાજકોટ રહેશે.**

## તંત્રી સ્થાનેથી...

# રાજકોટનું વિશ્વકર્માજીનું મંદિર વિશ્વનું દ્વિતિય સુવર્ણ મંદિર બનશે

સૌરાષ્ટ્રના સૌથી મોટા એવા ગુર્જર સુતાર જ્ઞાતિના દિવાનપરામાં આવેલ વિશ્વકર્મા પ્રભુજીના મંદિરની પ્રાણપ્રતિષ્ઠા થઈ તેને ૧૦૦મું વર્ષ પુરા થયા અને શતાબ્દી મહોત્સવની ઉજવણીનો પ્રારંભ થયો છે અને આ શતાબ્દી વર્ષની ઉજવણી અંતર્ગત જ મંદિરમાં બિરાજતા દાદાને સુવર્ણ સિંહાસને બિરાજમાન કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. દાદા સુવર્ણ સિંહાસને બિરાજતા રાજકોટનું વિશ્વકર્મા પ્રભુજીનું મંદિર સૌરાષ્ટ્રનું પ્રથમ અને ગુજરાતનું અને સમગ્ર વિશ્વનું બીજુ સુવર્ણ મંદિર બનશે અને અનેરૂ ગૌરવ પ્રાપ્ત કરશે.

ગુજરાતમાં સૌથી જુનુ એટલે કે ૧૧૫ વર્ષ જુનુ ડાકોરનું વિશ્વકર્મા પ્રભુજીનું મંદિર છે અને આ મંદિર આખું સુવર્ણ છે. દાદાનું સિંહાસન પણ સોનાથી મઢવામાં આવ્યું છે અને દાદાની મૂર્તિ પણ સોનાથી મઢવામાં આવી છે. મંદિર સોનાનું બનતા ડાકોર વિશ્વનું પ્રથમ સુવર્ણ મંદિર બન્યું અને રાજકોટનું મંદિર પણ સોનાનું બનતા રાજકોટનું વિશ્વકર્મા પ્રભુજીનું મંદિર વિશ્વનું બીજા નંબરનું સુવર્ણ મંદિર બનશે અને વિશ્વભરમાં રાજકોટ એક અનોખુ ગૌરવ પ્રાપ્ત કરશે.

એકાદ મહિના પહેલા સામાન્ય સભામાં દાદાનું સિંહાસન સોનાનું બનાવવા પ્રમુખ રસીકભાઈ બદ્રકિયાએ જાહેરાત કરતાની સાથે સુવર્ણદાનનો વરસાદ વરસ્યો હતો. દાદાના સિંહાસન માટે ૧ કિગ્રા સોનાનો અંદાજ મુકાયો હતો અને એક જ બેઠકમાં ૩૦૦ ગ્રામથી વધુ સુવર્ણદાન નોંધાયું હતું અને ૩૦મી ઓગસ્ટે આ લખાય છે ત્યાં સુધીમાં ૪૦૧ ગ્રામ એટલે કે ૪૦ ટકા સોનુ નોંધાઈ ચુકયુ છે અને સુવર્ણદાનનો પ્રવાહ સતતચાલુ છે.

આપ પણ સુવર્ણદાન નોંધાવી આ સુવર્ણ અવસરના સહભાગી બની શકો છો.

આપનું અનુદાન સીધુ ટ્રસ્ટના એકાઉન્ટમાં જમા કરાવી શકો છો.
એકાઉન્ટ નામ : શ્રી ગુર્જર સુતાર જ્ઞાતિ - રાજકોટ.
એકાઉન્ટ નંબર : 310110100001280,
બેંક : બેંક ઓફ ઈન્ડિયા, લાખાજીરાજ રોડ, રાજકોટ.
IFSC Code : BKID0003101
Saving Account

◆ પ્રવિણ ગજ્જર

**નોંધ :** વિશ્વકર્મા વિશ્વમાં પ્રસિદ્ધ થતી વાંચનસામગ્રીનો અમારી પરવાનગી વગર ઉપયોગ કરવો નહીં નહીંતર કાયદેસરના પગલા લેવાશે તેની નોંધ લેવી. - **તંત્રી**

# માર્કેટ વેલ્યુ !

**અનિલ ખારેચા**




હવે તો સફળતા પણ રોજેરોજના નવા માપદંડ આધારે નક્કી થાય છે! સેલિબ્રિટી હોય કે નેતા રોજે રોજ પોતાની માર્કેટ વેલ્યુ અંગે જાગૃત રહેવુ પડે છે! આઇપીએલમાં કોઈ ટીમ સારૂ પરફોર્મન્સ કરે તો તરત જ ખેલાડીઓના ભાવ વધી શકે ને નવી એડ મળવા લાગે, ઈન્સ્ટામાં કે ટીકટોક સ્ટારને પણ ક્વોલિટી નહી પણ ફોલોઅર્સની ક્વોન્ટીટીના આધારે નામ ને એડ મળે છે. હવે તો જાણે વ્યક્તિ ના રેટ,બજાર ભાવ જરૂરીયાત મુજબ બદલાતા રહે છે ! પહેલા તો આ બધુ શેરબજાર પુરતુ સિમિત હતુ કે તળીયે બેસેલા શેર અચાનક ટોપ પર આવી જતો ને સારામાં સારી કંપનીના શેર પણ નિરાશ કરતા પણ હવે દરેક ક્ષેત્રે રોજેરોજના ભાવ જાણે લાગુ પડવા લાગ્યા છે. હમણાં મહારાષ્ટ્ર અને હવે ઝારખંડમાં જોયું કે રાજકીય લેવલે પણ પેટ્રોલ કે સોનાની માફક વ્યક્તિના પણ ભાવ અચાનક વધી જાય છે! હમણા એક કોંગ્રેસના વરિષ્ઠ નેતાએ હસતા હસતા કહ્યુ કે અનિલ ભૈ આ જ્યારથી બે ગુજરાતીઓની સરકાર બનીને ત્યારબાદ ખેડૂતોને પોષણક્ષમ ભાવ નથી મળ્યા પણ ધારાસભ્યોના ટેકાના ભાવમા ધરખમ વધારો થયો છે હવે તો ભંગાર પાર્ટીના ધારાસભ્યો ને પોષણક્ષમ ભાવ મળવા લાગ્યા છે ! પાર્ટી મિટીંગમા જે પક્ષ આઇસક્રીમ પણ નહોતા ખવડવતા તેવા પક્ષો હવે કટોકટી સર્જાય ત્યારે ધારાસભ્યોની માર્કેટ વેલ્યુ વધતા બસો ભરીને કે બાય એર અન્ય રાજ્યોની સેવન સ્ટાર હોટેલ મા રાખવા મજબુર થયા છે આ પણ મોદીને અમિત શાહ છે તોજ શક્ય બન્યુ છે !

આપણે પણ ગભરાવાની જરૂર નથી આ ઈલેક્શન આવતા સામાન્ય માણસની, મતદારોની માર્કેટ વેલ્યુ પણ અચાનક વધીજ જાય છે ને ? આ મફતની યોજનાઓ, રેવડીની લહાણી એ તો હવે સુપ્રીમ કોર્ટે ને પણ અવઢવમા મુકી દીધી કે ઇલેક્શન વખતે મફતમા અપાતા પ્રલોભનો વાજબી ગણવા કે ગેરવ્યાજબી?રોડ રસ્તા, પાણી વીજળી જેવી સુવિધાઓનો લોકોનો અધિકાર છે જ! હવે તે પ્રલોભનો તમામ પક્ષો આપેજ છે તેમા કોઈ બાકાત નથી.ઘણા પેરેન્ટસ બાળકોને પણ નથી કહેતા કે એસએસસીમા આટલા ટકા લાવ તો બાઇક લઇ આપીશ શુ આ પણ રેવડી કલ્ચર ગણવુ? કારણ કે તેને પણ પોતાના સંતાનો પર ગળા સુધીનો વિશ્વાસ હોયજ કે આ મારો લાલ બાઇક નો ખર્ચ નહી જ કરાવે ! આવું કંઇક કેજરીવાલનુ છે,ખબરજ છેકે શું થશે પણ લાગે તો બાણ નહીંતર મોકાણ તો છે જ ! અને ભાઇ આતો પબ્લિક છે શુ થાય તે તો કેમ ખબર પડે ?

બાકી તો દરેકે આ સત્ય સ્વીકારવું જ રહ્યું કે તમારી જરૂરીયાત સામે વાળાને હસે તો તમારી માર્કેટ વેલ્યુ અપ થશે, એક જમાનાના કહેવાતા સારા ગાયકો કે કલાકારો નાના કામ માટે પણ ડાયરેક્ટર ને વિનંતી કરતા જોઇએ છીએ, ઘણા સામાજીક મેળાવડાઓમા આપણે જોઈએ છીએ કે ફંડ માટે ઘણા ભ્રષ્ટ હોય, લાયક ન હોય છતા તેવી વ્યક્તિને પણ સન્માન આપવુજ પડે છેને? હવે આ ઘરનોજ દાખલો જુઓને આ દિવાળી નજીક આવસે એટલે ધુ કચરા કરવા પતિદેવોની માર્કેટ વેલ્યુ નથી વધી જતી? માગ્યા વગર ચા મળી જાય એટલે સમજવુકે હમણાં માળીયામા ચડવાનુ પાકુ જ છે! જ્યારે નાના બાળકો હોય ત્યારે સાસુમાની પણ કેવી સંભાળ લેવાય છે! તો પત્ની નો મુડ સારો રાખવા પતિદેવો પણ ડાર્લિંગ આ દિવાળીએ દુબઈ કે ગોવાની ટુર ફાઇનલજ છે તેવુ કહે પરંતું પછી બે છેડા ભેગા ન થતા માંડી વાળવુ પડે તો શુ રેવડી આપી ગણાય ? ના કારણ કે કમસેકમ ત્યાં સ્વાર્થ નહી પ્રેમ હોય છે તે સમજાવજે બકા નહીંતર વેલ્યુ ડાઉન થતા વાર નહી લાગે.

છોટુભાઈ દામજીભાઈ વાલંભિયા
૯૭૧૪૭ ૮૮૮૫૭
મહેશભાઈ વાલંભિયા
૯૮૨૫૨ ૮૮૮૫૭
મુકેશ વાલંભિયા
૯૭૧૨૯ ૮૮૮૫૭
ભાવેશ વાલંભિયા
૯૮૨૫૭ ૮૮૮૫૭
VB
વાલંભિયા
બોડી બિલ્ડર્સ
દરેક જાતના ટ્રક બોડી, કેબીન
TATA S, TATA L.P.,
લેલન્ડ, ડમ્પરના સ્પેશ્યાલીસ્ટ

જકાતનાકા સામે, દેવાભાઈના ગેરેજની બાજુમાં,
વીરાણી અઘાટ, ઢેબર રોડ(સાઉથ), રાજકોટ.
ફોન : (ઓ.) ૨૩૭૧૦૭૯
ભુલો ભલે બીજું બધું પણ મા-બાપને ભુલશો નહી

# સુવર્ણ જયંતિ વર્ષે દાદા સુવર્ણ સિંહાસને બિરાજશે

## સુવર્ણદાન માટે જાહેરાત થતા સુવર્ણદાનનો વરસાદ વરસ્યો

- પ્રવીણ ગજ્જર






### જેરામભાઇ અઘારા પરિવાર દ્વારા ૫૦ ગ્રામ સુવર્ણદાન : સામાન્ય સભામાં જ ૩૨૫ ગ્રામ સુવર્ણ દાન નોંધાયુ

ગુર્જર સુતાર જ્ઞાતિ રાજકોટની મળેલ સામાન્ય સભામાં રાજકોટ વિશ્વકર્મા પ્રભુજી મંદિરની મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠાને ૧૦૦ વર્ષ પુરા થયા હોય વિશ્વકર્મા મંદિરનો શતાબ્દી મહોત્સવ ઉજવવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો અને આ શતાબ્દી મહોત્સવની ઉજવણી નિમિત્તે દાદાને સુવર્ણ સિંહાસને બિરાજમાન કરવાનો નિર્ણય પ્રમુખ રસીકભાઇ બદ્રકિયાએ જાહેર કરતાં જ દાદાના સુવર્ણ સિંહાસન માટે સુવર્ણદાન અંગેની જાહેરાત કરતા જ દાદાના સિંહાસનને સોનેથી મઢવા સુવર્ણ દાનનો વરસાદ વરસ્યો હતો અને સિંહાસન માટે અંદાજે ૧ કિલો સોનાની જરૂરીયાત સામે સવા ત્રણસો ગ્રામ જેટલુ સુવર્ણદાન આ એક જ બેઠકમાં નોંધાયુ હતું. ત્યારબાદ પણ સુવર્ણદાનનો પ્રવાહ ચાલુ જ રહયો છે અને ૩૦મીએ આ લખાય છે ત્યાં સુધીમાં ૧૧૦ લોકોએ ૪૦૧ ગ્રામ જેટલા સોનાનું સુવર્ણદાન નોંધાવ્યું છે. અત્યાર સુધીમાં સૌથી વધુ ૫૦ ગ્રામ સુવર્ણ દાન જેરામભાઇ અઘારા પરિવારે નોંધાવ્યું છે.

### ગેરકાયદેસર દુકાનો વેચવા બદલ સુર્યકાંત વડગામા સામે પગલા લેવા નિર્ણય

સામાન્ય સભામાં પ્રવીણભાઇ અઘારાએ મંદિરની દુકાનો ગેરકાયદેસર અપાઇ હોવાનો મુદ્દો ઉપસ્થિત કર્યો હતો. બાદમાં રસીકભાઇ બદ્રકિયાએ કહયુ હતું કે આ દુકાનોનું ગેરકાયદેસર વેચાણ તે સમયના પ્રમુખ સુર્યકાંત વડગામાએ કર્યુ છે અને જે તે સમયે ૨૫ લાખ રૂા. લેવાયા છે. બાદમાં દુકાનના માલિકને સામાન્ય સભામાં બોલાવવામાં આવ્યા હતા. તેમણે જે તે સમયે બંને દુકાનના ૨૫ લાખ રૂા. જે તે સમયના પ્રમુખ સુર્યકાંત વડગામાને આવ્યા હોવાનું સામાન્ય સભાને જણાવ્યું હતું. આ પ્રશ્ને સારી એવી ચર્ચા થઇ હતી. તેમણે કહયું કે આવા લોકોને પ્રોત્સાહન આપી કેટલાક આગેવાનોએ સમાજને નુકસાન પહોંચાડયું છે. અને સમાજ ૨૦ વર્ષ પાછળ ચાલ્યો ગયો છે. ચર્ચાને અંતે સુર્યકાંત વડગામા સામે પગલા લેવાનો સુર વ્યકત થયો હતો. પ્રમુખ રસીકભાઇ બદ્રકિયાએ તે સમયના હોદ્દેદારોને પત્ર લખી આ અંગે માહિતી મેળવાશે તેવી સામાન્ય સભાને ખાતરી આપી હતી.

સુવર્ણ જયંતિ મહોત્સવ દરમ્યાન વર્ષભર થનાર કાર્યક્રમો સુવર્ણ જયંતિ અંતર્ગત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ ઉજવણી દરમ્યાન હવન સહિતના જાહેર કાર્યક્રમો અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. આ વર્ષે મંદિરમાં પ્રતિવર્ષ થતી પ્રાચીન ગરબી ઉપરાંત અર્વાચીન રાસોત્સવનું આયોજન કરવાની જાહેરાત રસીકભાઇ બદ્રકિયાએ કરી હતી.

રસીકભાઇ બદ્રકિયાએ મંદિરની આવક અંગે કહયું કે, અમારી સમિતિએ હોદો સંભાળ્યો ત્યારે ટ્રસ્ટનું ભંડોળ ૬૨ લાખ હતુંજે વધીને આજે ૨.૩૫ કરોડની એફ.ડી. બેંકમાં પડેલી છે. ક્રિકેટ ટુર્નામેન્ટ, રાંદલ લોટા ઉત્સવ, દાતા સન્માન કાર્યક્રમ, કરાઓકે ગાયન સ્પર્ધા જેવા કાર્યક્રમનો ખર્ચ કરતા પણ આવક વધી છે.

સરકાર તરફથી સરકાર દ્વારા સંસ્થાને અને દીકરીયુને મળતી ૪.૮૦ લાખની રકમ પણ જમા થઇ ગઇ છે.

જ્ઞાતિ માટે જમીન ખરીદવા અંગેની પણ ચર્ચા કરવામાં આવી હતી. ઉપપ્રમુખ કાંતિભાઇ તલસાણિયાએ પટેલ સમાજ ખોડલધામ

ઉભુ કરી શકતુ હોય ત્યારે આપણે પણ સંગઠીત થઇ આવો સમાજ નિર્માણ કરવો જોઇએ. જમીન માટે કમિટી બનાવવાનું પણ નકકી થયું હતું.

સુરેશભાઇ પિલોજપરાએ સમાજમાં સગપણ માટેની મુશ્કેલી જણાવી આ અંગે પરિચય મેળા કરવાનું સુચન કર્યું હતું.

ખજાનચી અરવિંદભાઇ ત્રેટીયાએ હિસાબો રજુ કરીને ૨૦૨૨-૨૩નું બજેટ રજુ કર્યું હતું.

મંત્રી પ્રદિપભાઇ કરગથરાએ પણ જરૂરી વિગતો રજુ કરી હતી. સામાન્ય સભામાં વિશાળ સંખ્યામાં ભાઇ-બહેનો ઉપસ્થિત રહયા હતા.

## શ્રી રાજકોટ ગુર્જર સુથાર જ્ઞાતિ દ્વારા

# પ્રાચીન-અર્વાચીન રાસોત્સવનું ભવ્ય આયોજન

## અર્વાચીન રાસોત્સવ ગોંડલ રોડ પર ૧૨૦૦૦ ફુટના વિશાળ ગ્રાઉન્ડ પર : ૧૫૦૦ ખેલૈયાઓ રાસની રમઝટ માણી શકે તેવુ આયોજન

રાજકોટ ગુર્જર સુતાર જ્ઞાતિ દ્વારા નવરાત્રિ મહોત્સવની ધામધુમથી ઉજવણી કરવામાં આવનાર છે. નવરાત્રિ મહોત્સવ અંતર્ગત પરંપરાગત પ્રાચીન ગરબીનું તેમજ અર્વાચીન રાસોત્સવનું પણ આયોજન કરવામાં આવ્યું છે. ચાલુ વર્ષે મંદિરની શતાબ્દી મહોત્સવની ઉજવણી કરવામાં આવી રહી હોવાથી બંને આયોજન શાનદાર રીતે ઉજવાય તેવું આયોજન થઇ રહયું છે.

### પ્રાચીન ગરબી

દિવાનપરામાં આવેલ વિશ્વકર્મા પ્રભુજી મંદિરમાં વર્ષોથી પરંપરાગત પ્રાચીન ગરબીનું આયોજન કરવામાં આવે છે. કોરોનાના કારણે પરંપરાગત ગરબીનું આયોજન શકય ન હતું. આ વર્ષે કોરોનાના નિયમો પરથી પ્રતિબંધ હટી ગયા છે. ત્યારે આ વર્ષે આ આયોજન કરવામાં આવ્યું છે. તા. ૨૬-૯ થી ૪-૧૦ દરમ્યાન વિશ્વકર્મા પ્રભુના સાનિધ્યમાં મંદિરના ચોગાનમાં પ્રાચીન ગરીબના આ આયોજનમાં ૮ થી ૧૩ વર્ષથી દીકરી ભાગ લઇ શકશે.



બાળાઓને પ્રોત્સાહિત કરવા લ્હાણી સ્વરૂપે ભેટ તથા પ્રસાદ અને અનુદાન આપવા મંદિરનાં રૂબરૂ અથવા ટેલીફોન પર સંપર્ક સાધી શકાય છે. ફોન નં. ૨૨૨૨૪૪૫ અને મો. નં. ૮૪૦૫૮ ૪૦૫૦૮.

### અર્વાચીન રાસોત્સવ

ગુર્જર સુથાર જ્ઞાતિ દ્વારા આ વર્ષે તા. ૨૬-૯ થી ૪-૧૦ દરમ્યાન શ્રી વિશ્વકર્મા અર્વાચીન રાસોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. ગુર્જર સુતાર જ્ઞાતિના ભાઇ-બહેનો માટેનું આ આયોજન પી.ડી. માલવીયા કોલેજ સામે આવેલ ૨૦૦ × ૬૫૦ ફૂટના ગ્રાઉન્ડ પર ૧૫૦૦ જેટલા ખેલૈયા રમી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે.

આયોજન શાનદાર થઇ રહયું છે. ગ્રાઉન્ડ પર મ્યુઝીક પાર્ટી માટે ૮૦ × ૩૦ ફૂટનો ડોમ બનાવાશે સવા લાખ કે.ડબ્લ્યુની માઇક સીસ્ટમ રખાશે અને ૩૦૦થી વધારે સોડીયમ લાઇટથી મેદાન ઝળહળતુ રખાશે. પ્રિન્સ-પ્રિન્સેસને દરરોજ ઇનામોથી નવાજવામાં આવશે અને ફાઇનલ સ્પર્ધામાં વિજેતા પ્રિન્સ-પ્રિન્સેસને અદકેરા ઇનામો અપાશે અને અન્ય વિજેતાઓને પણ ઇનામોથી નવાજવામાં આવશે.

૨૦૧૯માં જ્ઞાતિ દ્વારા પ્રથમવાર અર્વાચીન રાસોત્સવ સૌરાષ્ટ્ર હાઇસ્કુલમાં યોજાયા બાદ કોરોનાના કારણે બે વર્ષ અર્વાચીન રાસોત્સવ બંધ રહયા બાદ આ વર્ષે કોરોનાના નિયમો દુર થવાથી આ વર્ષથી અર્વાચીન રાસોત્સવનું આયોજન થયું છે. ૨૦૧૯માં થયેલ આયોજનમાં જગ્યા નાની પડી હતી. તેથી આ વર્ષે વિશાળ ગ્રાઉન્ડની પસંદગી કરાઇ છે. સાથોસાથ મંદિરની શતાબ્દી વર્ષની ઉજવણી પણ ચાલી રહી છે. ત્યારે આ ઉજવણીનો આનંદ બેવડાયો છે.

અર્વાચીન રાસોત્સવમાં ભાગ લેવા ખેલૈયાઓ માટે વહેલાના પહેલાના ધોરણે નામ લખાવવાનું શરૂ થઇ ગયું છે. વધુ માહિતી માટે (૧) વિશ્વકર્મા પ્રભુજી મંદિર - ૮૪૦૫૮ ૪૦૫૦૮ (૨) રસીકભાઇ બદ્રકિયા - ૯૨૨૭૬ ૧૨૦૭૩ (૩) શ્રી રા. વિ. કે. મંડળ ૭૬૨૩૮ ૧૪૮૩૨ (૪) ચંદ્રેશભાઇ ખંભાયતા - ૯૭૨૩૦ ૯૯૩૮૭ નો સંપર્ક કરવો.

આયોજન સફળ બનાવવા પ્રમુખ રસીકભાઇ બદ્રકિયા, અધ્યક્ષ મુકેશભાઇ વડગામા, મંત્રી પ્રદીપભાઇ કરગથરા ટ્રસ્ટીઓ કારોબારી સદસ્યો જહેમત ઉઠાવી રહયા છે.

## એકપણ દાતાના નામની જયાં તકતી નથી

# સ્વેચ્છાએ મળેલ ૩૫ લાખના અનુદાનથી ભાવનગરમાં મંદિર સાથેના સમાજનું નિર્માણ

### ૧૨૦ વર્ષ જુના મંદિરનો જીણોદ્ધાર અને ૪૦૦૦ ફૂટનું નવુ બાંધકામ : મહાઆરતી સાથે મહાપ્રસાદનું આયોજન થયું

- મનસુખભાઇ કનોજીયા





મંદિર નિર્માણમાં લાખો રૂા.નો ખર્ચ કર્યો હોય સમાજના જ દાતાઓએ તકતીમાં પોતાનું નામ હોય તેવી અપેક્ષા રાખ્યા વગર અનુદાન આપ્યુ હોય તેવા સમાજનું નિર્માણ આજના જમાનામાં મુશ્કેલભર્યું છે. પરંતુ ભાવનગર સમાજે કોઇની પાસે હાથ લાંબો કર્યા વગર નિઃસ્વાર્થ ભાવે સ્વયંભૂ મળેલ દાનમાંથી ૩૫ લાખના ખર્ચે મંદિર સાથેના સમાજનું નિર્માણ કરીને સમાજને નવી રાહ ચીંધી છે.

**અતુલભાઇ જાદવાણી અને તેની ટીમનું પ્રેરણાદાયી કાર્ય**

ભાવનગરમાં સુતારવાડમાં ૧૨૦ વર્ષ જુનુ મંદિર આવેલ છે. આ મંદિરનો ૩૫ લાખના ખર્ચે જીર્ણોદ્ધાર કરી ૩૫૦૦ ફૂટનું નવુ ત્રણ માળનું બાંધકામ કાર્ય પૂર્ણ થયા બાદ તાજેતરમાં નવા રૂપરંગ સાથેના મંદિર સાથેના સંકુલમાં દાદાની મહાઆરતી અને મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભાવનગર શહેર અને જીલ્લામાંથી બે હજાર જેટલા ભાઇ-બહેનોએ ભાગ લીધો હતો.

ભાવનગર સમસ્ત ગુર્જર સુતાર જ્ઞાતિના પ્રમુખ અતુલભાઇ જાદવાણી કહે છે. ૧૨૦ વર્ષ જુના મંદિરમાં નીચેના ભગવાનની મૂર્તિઓ જેમની તેમ રાખી બાકીનું રીનોવેશન કરવામાં આવ્યું. જેમાં ૭૦ × ૫૦ ફૂટમાં મંદિર અને સત્સંગ હોલનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ જગ્યા ફકત સત્સંગ અને બેસણા કે અન્ય ધાર્મિક કાર્યક્રમ માટે જ વપરાશે. જયારે ઉપરના ભાગે પણ ૫૦ × ૭૦ ફુટનો વિશાળ કમ્યુનિટી હોલ, રસોડુ તેમજ બાથરૂમ-ટોયલેટની સુવિધા ઉભી કરવામાં આવી છે. જયારે ત્રીજા માળે પુજારી માટે રહેવાની વ્યવસ્થા કરવામાં આવી છે.

અતુલભાઇ કહે છે, ૩૦૦૦ ફૂટનું બાંધકામ રીનોવેશન કરાયુ જયારે ૪૫૦૦ ફૂટનું નવુ બાંધકામ કરાયું છે. આ માટે કુલ ૩૫ લાખનો ખર્ચ થયો છે.

અતુલભાઇ કહે છે, આટલુ મોટુ કાર્ય કરતા અમને પાંચ વર્ષ થયા. ૩૫ લાખનો ખર્ચ થયો પરંતુ કોઇ જાતનો ફંડ ફાળો કરવા ગયા નથી. એટલુ જ નહીં પોતાના નામની તકતી મારી દાન આપવા ઇચ્છતા લોકોના દાન પણ સ્વીકારાયા નથી. મંદિરના મુખ્ય દરવાજે નામકરણ માટે ૧૦ લાખનું અને ગર્ભગૃહના રીનોવેશન માટે ૨ લાખનું અનુદાન આપવાની મળેલ ઓફરનો પણ અમે અસ્વીકાર કર્યો છે. મંદિરના સંકુલમાં કોઇ દાતાના નામની તકતી મારવામાં આવી નથી. અમને આ નિર્માણ કરવામાં સમય લાગ્યો પરંતુ દાતાની તકતી વગરનો સમાજ નિર્માણ કરી સમાજને નવી રાહ ચીંધી છે.

સમાજના પ્રમુખ અતુલભાઇ જાદવાણી તેમજ તેમની ટીમના બાહોશ એવા મંત્રી પ્રવીણભાઇ બોરસાણીયા એ સમાજના સહયોગથી આ નમુનેદાર આયોજન પાર પાડયું છે. હરેશભાઇ તલસાણિયા, અનિલભાઇ કનોજીયાની ટીમ અને સમાજના સહયોગથી નિર્માણ પામેલા સુંદર મંદિર સાથેના સમાજની સ્ટ્રકચર ડીઝાઇન આર્કીટેકટ નરેન્દ્રભાઇ ગજજરે કરી અને અનોખી સેવા કરી છે. વહીવટી કાર્ય પ્રવીણભાઇ બોરસાણીયાએ કર્યું જેઓ જીલ્લા ઉદ્યોગ કેન્દ્રમાં ફરજ બજાવતા અને અનેક લોકોને રોજગારીનું માર્ગદર્શન પુરુ પાડયું છે. મનસુખભાઇ કનોજીયાએ પણ સહયોગ આપ્યો હતો.

# ગાંધીનગરમાં મુખ્યમંત્રી સાથે વિશ્વકર્મા સમાજનું સ્નેહમિલન

## રાજ્યમંત્રી શ્રી જગદીશ વિશ્વકર્માની ઉપસ્થિતિમાં અગ્રણીઓએ મુખ્યમંત્રીશ્રીનું અભિવાદન કર્યું






### ભગવાનદાસ પંચાલ, શાંતિભાઇ ખોડદીયા, રમેશભાઇ તલસાણિયા સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિ

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું છે કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીની આગેવાનીમાં સરકારે ગુજરાતના વિકાસને સુદ્રઢ અને ગતિશીલ બનાવ્યો છે. છેલ્લા એક વર્ષમાં ટીમ ગુજરાતે અનેક જનહિતલક્ષી પગલાં લઈ સામાન્ય માણસોની નાની-મોટી મુશ્કેલીઓ દૂર કરી છે.

મુખ્યમંત્રીશ્રી ગાંધીનગર ખાતે રાજ્યના વિશ્વકર્મા સમાજના અગ્રણીઓના સ્નેહમિલનમાં સંબોધન કરી રહ્યા હતા.

સહકાર અને ઉદ્યોગ તથા માર્ગ-મકાન રાજ્ય મંત્રી શ્રી જગદીશ વિશ્વકર્માની ઉપસ્થિતિમાં વિશ્વકર્મા સમાજના અગ્રણીઓએ મુખ્યમંત્રીનું અભિવાદન કર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ અભિવાદનનો પ્રતિસાદ આપતાં વધુમાં જણાવ્યું કે, રાજ્ય સરકાર દરેક સમાજને એકજૂટ કરી વિકાસ કરવા અને વંચિત વર્ગોને વિકાસની મુખ્ય ધારામાં લાવવા માટે કાર્યરત છે. સરકારે ગરીબ, પછાત અને નબળા વર્ગોના લોકોની નાનામાં નાની જરૂરિયાતનું ધ્યાન રાખી નીતિ-રીતિઓ બનાવી છે.

આવકના દાખલાની સમયમર્યાદામાં વધારો, નિશ્ચિત કાર્યવાહી માટે એફિડેવિટ-સોગંદનામાંમાંથી મુક્તિ, તેમજ સિનિયર સિટિઝનને યાત્રા માટે અપાતી સહાયમાં વધારો કરી નાગરિકોને સુશાસનની અનુભૂતિ કરાવી છે, તેમ તેમણે ઉમેર્યું હતું.

તેમણે કહ્યું કે, કોરોનાને કારણે અનેક દેશો પાયમાલી તરફ ધકેલાઈ રહ્યા હતા, તેવા સમયે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ જે કોવિડ મેનેજમેન્ટ કરી બતાવ્યું તેની નોંધ વિશ્વના દેશોએ પણ લીધી છે. કોવિડ નિયંત્રણો, વેક્સિન-નિર્માણ અને વિશ્વનું સૌથી મોટું રસીકરણ અભિયાન, જેવાં પગલાંથી વડાપ્રધાનશ્રીએ દેશને કોરોના મહામારીમાંથી સમયસર ઉગાર્યો છે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, આટલા મોટા દેશમાં વ્યાપક સુધારા લાવવા શક્ય જ નથી એવી માન્યતાને તોડીને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ, સ્વચ્છતા અભિયાન, ઓપન-ડિફેકેશન ફ્રી, ઉજ્જ્વલા અને ઉજાલા યોજના વગેરેને સફળ કરી બતાવ્યાં છે.

તેમણે વધુમાં કહ્યું કે, વડાપ્રધાનશ્રીના આ અભિગમો આગળ ધપાવતા મારી ટીમ ગુજરાતે આ વર્ષે ગુજરાતના ઈતિહાસનું સૌથી મોટું બજેટ આપ્યું છે.

આદિજાતિ વિસ્તારમાં એસ્ટોલ પ્રોજેક્ટથી ૨૦૦ માળ જેટલી ઊંચાઈ પર પાણી લઈ જવું, મા-કાર્ડ જેવી યોજનાઓને વ્યાપક બનાવવી જેવા અનેક વિકાસલક્ષી કામો આ સરકારે કરી બતાવ્યાં છે, તેમ તેમણે ઉમેર્યું હતું.

રાજ્ય મંત્રીશ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ કહ્યું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ વિશ્વકર્મા સમાજની ઉદ્યમશીલતાથી સુપેરે વાકેફ છે. વિશ્વકર્મા સમાજ રાજ્યના ઔદ્યોગિક વિકાસમાં હજી વધુ પ્રમાણમાં યોગદાન આપે તેમજ સરકારની જી.આઈ.ડી.સી. અને સંલગ્ન નીતિઓનો લાભ મેળવે તે સમયની માંગ છે.

મંત્રીશ્રીએ વધુમાં કહ્યું કે સરકારની વિવિધ યોજનાનો લાભ નાગરિકોને મળે તે માટે વિવિધ કાર્યક્રમ કરવાની પહેલ સામાજીક સંસ્થાઓ કરે તો દરેક સમાજમાં અંત્યોદય ઉત્થાનને સાકાર કરી શકાય.

આ પ્રસંગે વિશ્વકર્મા સમાજના અગ્રણી શ્રી ભગવાનદાસ પંચાલે મુખ્યમંત્રીશ્રીની મૃદુ અને મક્કમ પ્રતિભાને તેમજ તેમની પ્રશાસનિક કાર્યરીતિને બિરદાવી હતી.

બક્ષીપંચ મોરચાના પ્રદેશ અધ્યક્ષ શ્રી ઉદય કાનગડે મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં અને વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનમાં રાજ્યનો જે વિકાસ થયો છે તેના પરિણામે સૌ સમાજ વર્ગોનું સમર્થન બે દાયકાથી ભાજપા સરકારને મળ્યું છે તેની વિગતો આપી હતી.

આવનારા દિવસોમાં પણ વિકાસની રાજનીતિને વધાવી વિશ્વકર્મા સમાજ સરકાર પડખે રહેશે તેવો વિશ્વાસ તેમણે દર્શાવ્યો







હતો તેમજ વિશ્વકર્મા સમાજના ઉપસ્થિત અગ્રણીઓ પ્રત્યે આભાર વ્યક્ત કર્યો હતો.

આ સ્નેહમિલનમાં અમદાવાદના કાઉન્સીલર વિજયભાઇ પંચાલ, યુથફોરમના પ્રમુખ શાંતિભાઇ ખોડદીયા, વેજલપુર સંસ્થાના ટ્રસ્ટી રમેશભાઇ તલસાણિયા(મારૂતિ), અડા આઠમ પંચાલ મંડળના જગદીશભાઇ, અશ્વિનભાઇ પંચાલ વગેરે હાજર રહયા હતા. યુથ ફોરમના ઉત્સવમંત્રી નરેન્દ્રભાઇ અડીએચાએ



મુખ્યમંત્રીનું અભિવાદન કર્યું હતું. મહિલા મોરચાના અગ્રણી ધર્મિષ્ઠાબેન ગજજર, કૌશલભાઇ ગજજર પ્રાઇડ ઓફ પંચાલના સુનિલભાઇ પંચાલ, હરેશભાઇ ગજજર પણ ઉપસ્થિત રહયા હતા. નરેન્દ્રભાઇ વિશ્વકર્મા, અલ્પેશભાઇ વિશ્વકર્મા, રાકેશભાઇ વિશ્વકર્મા, ભરતભાઇ વિશ્વકર્મા, પ્રકાશભાઇ વિશ્વકર્મા, અલ્પેશભાઇ વિશ્વકર્મા, ભગવતભાઇ વિશ્વકર્મા વગેરે પણ ઉપસ્થિત રહયા હતા.


# શ્રી વિશ્વકર્મા કેળવણી મંડળ ખાતે ધ્વજ વંદન યોજાયું




રાજકોટના ભકિતનગર સ્ટેશન પ્લોટ ખાતે આવેલ શ્રી વિશ્વકર્મા કેળવણી મંડળ ખાતે 'આઝાદી કા અમૃત મહોત્સવ' નિમિત્તે આજે સવારે સાડા નવ વાગ્યાના સુમારે ધ્વજવંદનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

રાષ્ટ્રભકિતના સુમધુર ગીત-સંગીતના વાતાવરણ વચ્ચે શ્રી વસંતભાઇ ભાલારાના હસ્તે કેળવણી મંડળના અધ્યક્ષ કિશોરભાઇ જાદવાણી, જ્ઞાતિના અધ્યક્ષ મુકેશભાઇ વડગામાની હાજરીમાં ધ્વજવંદન કરી રાષ્ટ્રગીત સાથે સલામી આપવામાં આવી હતી. આ પ્રસંગે કેળવણી મંડળના ટ્રસ્ટીઓ કારોબારી સદસ્યો, ગુર્જર સુતાર જ્ઞાતિના ઉપપ્રમુખ કાંતિભાઇ તલસાણિયા અને કારોબારી સદસ્યો, ટ્રસ્ટીઓ, તેમજ બહેનો તેમજ સમાજના આગેવાનો-મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા. કિશોરભાઇ જાદવાણીએ પ્રાસંગિક વાત કરી હતી. નટુભાઇ ભારદીયાએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. ધ્વજવંદન બાદ સૌએ મોં મીઠા કર્યા હતા.

# રાજકોટના વિશ્વકર્મા પ્રભુજી મંદિરે જન્માષ્ટમીની ઉજવણી








રાજકોટના દિવાનપરામાં આવેલ વિશ્વકર્મા પ્રભુજીના મંદિરે જન્માષ્ટમીની ભાવ અને ભકિતમય વાતાવરણમાં ઉજવણી કરવામાં આવી હતી. વિશ્વકર્મા ધુન મંડળ દ્વારા રાસ-ભજનની રમઝટ ભર્યા વાતાવરણમાં રાત્રીના બાર વાગ્યે પુજારી રમેશભાઇએ પુજા વિધિ કરી હતી અને દર્શન ખુલ્લા મુકાયા હતા. બાલ કનૈયાઓને પણ લોકોએ પુજા-દર્શનથી વધાવ્યા હતા. બહેનોના રાસ ગરબાની રમઝટ વચ્ચે મટકી ફોડનો કાર્યક્રમ પણ સૌએ માણ્યો હતો.

# અમદાવાદ યુથ ફોરમ દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવ ઉજવાયો

## ૧૪ ઓગસ્ટે ત્રિરંગા યાત્રા કાઢી રાષ્ટ્રપ્રેમનું વાતાવરણ ઉભુ કર્યું





અમદાવાદમાં આવેલ શ્રી સૌરાષ્ટ્ર ગુર્જર સુતાર જ્ઞાતિ યુથ ફોરમ દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવની રાષ્ટ્રીય સભર વાતાવરણમાં ઉજવણી કરવામાં આવી હતી. આઝાદીની પૂર્વ સંધ્યાએ ત્રિરંગા યાત્રા અને આઝાદીના દિવસે સવારે ધ્વજવંદન અને સાંજે રાષ્ટ્રીય ભાવના ધબકતો સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરવામાં આવ્યો હતો. જે વિશાળ સંખ્યામાં ઉપસ્થિત લોકોએ માણ્યો હતો.



### ત્રિરંગા યાત્રા

૧૪ ઓગસ્ટના રોજ દેશભકિતને જાગૃતિ માટે અને રાષ્ટ્ર પ્રત્યે પ્રેમ પ્રદર્શીત રકવા અને શહાદતને અંજલી આપવા અને સાથોસાથ વડાપ્રધાનશ્રીના આહવાનને ઝીલવા સંસ્થા દવારા સંસ્થા ત્રિરંગા યાત્રા કાઢવામાં આવી હતી. સાંજે ૪ વાગ્યે શરૂ થયેલ ત્રિરંગા યાત્રામાં ૫૦૦ જેટલા દેશપ્રેમીઓ જોડાયા હતા. ત્રિરંગા યાત્રા વ્યાસાવડી, અખબારનગર, ગરનાળુ, ચાંદલોડીયા પુલ નીચેથી અર્જુન ભગત આશ્રમથી નિર્ણયનગર ચાર રસ્તાની પરત ફરી હતી. યાત્રામાં બાઇક-સ્કુટર-કાર પર રાષ્ટ્રીય ધ્વજને આન-બાન-શાનથી લહેરાવાયા હતા. દેશભકિતના સંગીત સાથેની યાત્રા આકર્ષક બની હતી.

### ધ્વજવંદન

સંસ્થાના પ્રાંગણમાં પોલીસ અધિકારીઓ દ્વારા ધ્વજવંદનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. વિશાળ લોકોની હાજરીમાં સૌએ દેશ પહેલોનો પ્રતિજ્ઞા લીધી હતી. રાષ્ટ્રીય ધ્વજની આન-બાન-શાન જાળવી દેશના વિકાસમાં આપણુ યોગદાન આપીએ તેવો સંકલ્પ પણ સૌએ કર્યો હતો.

### સાંસ્કૃતિક કાર્યક્રમ

૧૫મી ઓગસ્ટના રોજ સાંજે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સમાજના જ બાળકોએ વિવિધ કલા રજુ કરી નૃત્ય દેશભકિતગીતો વકૃત્વ તથા રાસગરબાની રમઝટથી વાતાવરણ સંસ્કૃતિમય બન્યું હતું. ચંદુભાઇ ભાલારા, સંસ્થાના પ્રમુખ શાંતિભાઇ ખોડદીયા અને દુહા-છંદથી કાઠીયાવાડ ઉભુ કર્યું હતું. સંગીત અને સુરથી વિનોદભાઇ સીનરોજા અને ગ્રુપે સૌને મોજ કરાવી હતી. કાર્યક્રમ બાદ સૌએ સહભોજન કર્યું હતું.

# જામનગરમાં યોજાયો તેજસ્વી વિદ્યાર્થી સન્માન સમારોહ

# જાત સાથે વાત કરી શકિત-નબળાઇઓ પારખો : ડો. શ્રી નાગેન્દ્ર ગજજર



તેજસ્વી વિદ્યાર્થી સન્માન સમારોહમાં ઉપસ્થિત પ્રમુખ રમણીકભાઇ ગોરેચા, ધર્મેન્દ્રભાઇ દેવળીયા, રસીકભાઇ બદ્રકિયા, ધારાસભ્ય હકુભા જાડેજા, અમૃતલાલ ભારદીયા, ડો. નાગેન્દ્ર ગજજર, કર્નલ પ્રમોદ અંબાસણા, ડો. રાજેશ મિસ્ત્રી, સુભાષભાઇ જોષી, મુકેશભાઇ વડગામા, પ્રફુલભાઇ સુરેલીયા ઉપરાંત ગામ પરગામના હોદ્દેદારો.



ડો. નાગેન્દ્ર વિજયનું સમાજ દ્વારા પાઘડી પહેરાવી સન્માન

જામનગર ગુર્જર સુતાર જ્ઞાતિ દ્વારા તા. ૭-૮-૨૨ના રોજ જામનગરના વિશ્વકર્મા બાગમાં આવેલ રવિકુમાર ભારદીયા એ.સી. હોલ ખાતે તેજસ્વી વિદ્યાર્થી સન્માન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. અમદાવાદની નિરમા યુનિવર્સિટીના ઇ.સી. એન્જિનિયરીંગ વિભાગના પ્રોફેસર ડો. શ્રી નાગેન્દ્રભાઇ ગજજરના મુખ્ય મહેમાનપદે યોજાયેલા આ કાર્યક્રમમાં અતિથિ વિશેષપદે રવિ ટેકનોફોર્જના ચેરમેન અમૃતલાલ ભારદીયા, કર્નલ શ્રી પ્રમોદકુમાર અંબાસણા, રાજકોટ ગુ.સુ. જ્ઞાતિના પ્રમુખ રસીકભાઇ બદ્રકિયા, રાજકોટના ન્યુરો ફીઝીશ્યન ડો. રોશન મિસ્ત્રી ઉપસ્થિત રહયા હતા. આ ઉપરાંત કન્યા છાત્રાલયના ચેરમેન જગુભાઇ ભારદીયા, રાજકોટના અધ્યક્ષ મુકેશભાઇ અંબાસણા, રાજકોટ વિશ્વકર્મા કેળવણી મંડળના પ્રમુખ ચંદ્રેશભાઇ ખંભાયતા, અમદાવાદ યુવક સંઘના પ્રમુખ ધર્મેન્દ્રભાઇ દેવળીયા, જુનાગઢના



ડો. કર્નલ અંબાસણાનું પાઘડી પહેરાવી સન્માન કરતા શ્રી અમૃતલાલ ભારદીયા અને રંજનબેન ભારદીયા



અમૃતલાલ ભારદીયાનું દિલીપ ભારદીયા અને રમણીકભાઇ દ્વારા સન્માન

# જામનગર ગુ.સુ. જ્ઞાતિ દ્વારા તેજસ્વી વિદ્યાર્થી-સરકારી કર્મચારી, શિક્ષિકો, ઉદ્યોગપતિઓનું સન્માન






પહેલી તસવીરમાં ડો. રોશન મિસ્ત્રીનું સમાજ દ્વારા સન્માન બીજી તસવીરમાં અમદાવાદના પ્રમુખ ધર્મેન્દ્ર દેવળીયાનું ડો. હિમાંશુ આમરણીયા દ્વારા સન્માન

# અગ્નિવીર યોજનાનો યુવાનો લાભ લે : કર્નલ પ્રમોદ અંબાસણા

પ્રમુખ રાજુભાઇ મિસ્ત્રી, ગોંડલના પ્રમુખ જયસુખભાઇ નગેવાડિયા, બોટાદના પ્રમુખ દિનેશભાઇ અમદાવાદના યુવક સંઘના પૂર્વ પ્રમુખ પ્રફુલભાઇ સુરેલીયા, મોરબીના પ્રમુખ જસ્મીનભાઇ ભાલારા, જામનગરના ઉદ્યોગપતિ મુકુંદભાઇ પેશાવરીયા, અમદાવાદ સમાજના નીતિન પિલોજપરા, ચંદુભાઇ ભાલારા, જામનગરના કોર્પોરેટર પ્રભાબેન ગોરેચા, જામનગરના ધારાસભ્ય હકુભાઇ જાડેજા, કોર્પોરેટરો સુભાષભાઇ જોષી, અલ્કાબા જાડેજા, રાજકોટના કન્યા છાત્રાલયના મગનભાઇ બોરાણીયા, ધનજીભાઇ પંચાસરા, રંજનબેન ભારદીયા, સહિતના મહાનુભાવો ડાયસ ઉપસ્થિત રહયા હતા.

પ્રમુખ રમણીકભાઇ ગોરેચાએ સ્વાગત પ્રવચન કર્યા બાદ મહેમાનોના હસ્તેદીપ પ્રાગટય કરવામાં આવ્યા બાદ બહેનોએ સ્વાગત ગીત રજુ કર્યું હતું.



બહેનો દ્વારા સ્વાગત ગીત

મુખ્ય મહેમાન ડો. નાગેન્દ્રભાઇ ગજ્જરનો ટ્રસ્ટી દિલીપભાઇ ભારદીયાએ પરિચય આપ્યા બાદ ડો.નાગેન્દ્ર વિજયનુ પ્રમુખ રમણીકભાઇ ગોરેચા અને સાથીદારોએ પાઘડી પહેરાવી સન્માન કર્યું હતું. જયારે દિલીપભાઇ ભારદીયાએ સન્માનપત્ર અર્પણ કર્યું હતું.

અમૃતલાલ ભારદીયાનું ટ્રસ્ટી દિલીપ ભારદીયા અને રમણીકભાઇ ગોરેચાએ મોમેન્ટો આપી સન્માન કર્યું હતું. જયારે કર્નલ પ્રમોદભાઇ અંબાસણાને અમૃતલાલ ભારદીયાએ પાઘડી પહેરાવી સન્માન કર્યું હતું. જયારે પ્રમુખ રમણીકભાઇ ગોરેચાએ મોમેન્ટો આપી સન્માન કર્યું હતું. જયારે ડો. રોશન મિસ્ત્રીનું સન્માન મંત્રી ડો. હિમાંશુ આમરણીયા અને કમિટીના સભ્યોએ કર્યું હતું.

ધારાસભ્ય હકુભાનું સન્માન અમૃતલાલ ભારદીયાએ અને પૂર્વ સ્ટે. ચેરમેન સુભાષ જોષીનું સન્માન પ્રમુખ રમણીકભાઇ ગોરેચાએ કર્યું હતું.

ત્યારબાદ રાજકોટના પ્રમુખ રસીકભાઇ બદ્રકિયા, અમદાવાદ યુવક સંઘના પ્રમુખ ધર્મેન્દ્રભાઇ દેવળીયા, સહિતના સ્ટેજ પર બિરાજમાન વિવિધ ગામના હોદેદારોનું સન્માન કારોબારી કમિટીના સદસ્યોએ કર્યું હતું. શીતલબેન અંબાસણાનું સન્માન રંજનબેન ભારદીયાએ કર્યું હતું.

રાજકોટ કન્યા છાત્રાલયના ચેરમેન જગુભાઇ ભારદીયા, શીતલબેન અંબાસણા, ધર્મેન્દ્રભાઇ દેવળીયા સહિતના મહાનુભાવોના હસ્તે સરકારી કર્મચારી, શિક્ષકોનું તેજસ્વી



અમદાવાદના યુવક સંઘના પ્રમુખ ધર્મેન્દ્ર દેવળીયા અને તેની ટીમ દ્વારા બહુમાન



પ્રથમ તસવીરમાં ધારાસભ્ય હકુભાનું સન્માન, બીજી તસવીરમાં કર્નલ પ્રમોદ અંબાસણા અને શીતલબેન દ્વારા શિક્ષક સન્માન

# ઘર એ જ મંદિર, મા-બાપ ભગવાન : શ્રી અમૃતલાલ ભારદીયા

વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મહાનુભાવોએ પ્રાસંગીક પ્રવચન કર્યા હતા.

### ડો. નાગેન્દ્રભાઇ ગજજર

નિરમા યુનિવર્સિટીના ઇસી એન્જિનિયરીંગ વિભાગના પ્રોફેસર શ્રી નાગેન્દ્રભાઇ ગજજર મુખ્ય મહેમાન પદેથી જણાવ્યું હતું કે વિશ્વકર્મા પ્રભુજીના આપણે સીધા સંતાન હોવાથી આપણામાં સર્જનાત્મક શકિત તો પડેલી જ છે. પરંતુ ગુસ્સોએ આપણા પરિવાર સીધા સંતાન હોવાથી  આપણામાં સર્જનાત્મક શકિત તો પડેલી જ છે. પરંતુ ગુસ્સોએ આપણા પરિવારની ઉણપ છે. પરંતુ ગુસ્સોએ આપણી પોઝીટીવ સાઇડ છે ગુસ્સો ન હોય તો શકિતનું સર્જન ન થાય. ગુસ્સાને તાકાત અને આવડતમાં પરિવર્તીત કરવો જોઇએ.



શ્રી અમૃતલાલ ભારદીયા

તેમણે કહયું કે આપણે યજ્ઞ સાથે વાત કરીને આપણી શકિત, નબળાઇઓ શોધી તેને દુર કરવી જોઇએ ઓપોચ્યુનીટી તપાસવી જોઇએ. આપણે જુની સંસ્કૃતિને ભુલ્યા છીએ તેને ફરી ઉજાગર કરવી જોઇએ આપણે આપણી વિચારધારા છોડી પશ્ચિમ વિચારધારા અપનાવી છે. પડકારોનો પણ સામનો કરતા શીખવું જોઇએ. પડકારનો સામનો કરીને કેવી રીતે આગળ વધી શકાય તેનું જીવંત ઉદાહરણ અમુભાઇ ભારદીયા છે. તેમ જણાવી નાગેન્દ્રભાઇએ પડકારોનો સામનો કરીને પણ ઇન્ડસ્ટ્રીઝમાં આગળ કેમ વધાય તેનો બોધપાઠ પણ તેના પરથી લેવો જોઇએ. તેમણે શ્વાસ પર ધ્યાન આપવાની શીખ આપતા કહયું કે શ્વાસ પર ધ્યાન આપવાથી એકાગ્રતા વધશે.

તેમણે કહયું કે આપણા સમાજમાં આઇએએસ કે આઇપીએસ બહાર આવતા નથી. આપણામાં ઘણી ટેલેન્ટ પડી છે. તે બહાર આવે તેવા પ્રયત્નો કરવા જોઇએ. આ માટે મારા તરફથી સંપૂર્ણ સહયોગ મળી રહેશે તેવી ખાતરી પણ આપી હતી.

### શ્રી અમુભાઇ ભારદીયા

મુખ્ય મહેમાનપદેથી શ્રી અમૃતલાલ ભારદીયાએ ભણતરની સાથોસાથ ચણતર અને ગણતર પણ જરૂરી હોવાનું જણાવ્યું હતું.

તેઓએ મા-બાપ જ આપણા ભગવાન છે તેમ જણાવી મંદિર જવાની કોઇ જરૂર નથી. ઘર એ જ મંદિર છે અને મા-બાપ જ આપણા ભગવાન છે. તેઓએ સ્ત્રીઓના અપમાનને વખોડી



કર્નલ અંબાસણાએ આગવી અદાથી કર્યુ સંબોધન



ડો. નાગેન્દ્ર ગજ્જર, કર્નલ પ્રમોદ અંબાસણા, અમૃતલાલ ભારદીયા દ્વારા વિદ્યાર્થી સન્માન

કહયું કે, સ્ત્રીઓનું અપમાન કદી ન કરવું જોઇએ. ઉત્તર ગુજરાત-માં વધુ એજયુકેશન હોવાનું જણાવી ઉત્તર ગુજરાતમાં ચાલતી શૈક્ષણિક પ્રવૃત્તિઓની પ્રસંશા કરી હતી.

તેમણે હુ બહાદુર જ છું. તેવો આત્મવિશ્વાસ કેળવવાની જરૂરીયાત પર ભાર મુકી કહયું કે આત્મવિશ્વાસ કેળવવાથી જ મનોકામના સિદ્ધ થશે તેમ જણાવી કહયું કે જેવુ વિચારીએ તેવું બને જ છે. મનનો આત્મા કહે તે રીતે જ અનુસરવું જોઇએ. મનના આત્માને મારી પ્રેસરથી કામ લેવાય તો કામ બગડે છે.



ડો. નાગેન્દ્ર ગજ્જરનો પરિચય આપતા અમૃતલાલ ભારદીયા

તેમણે કહયું કે, ધંધો કરો તો એવો કરો કે જેનાથી તમે અનેક માણસને રોજીરોટી આપી શકો. તેમણે કહયુ કે મને ગર્વ છે કે હું ભલે ભણ્યો નથી પણ આજે ૧૨૦૦ લોકોને રોજીરોટી આપી શકું છું. તેમણે હિંમત વેચાતી મળતી નથી જીવનમાં હિંમત કેળવાય તો આગળ વધી શકાય છે તેમ પણ જણાવ્યું હતું.

## કર્નલ પ્રમોદ અંબાસણા

કર્નલ પ્રમોદ અંબાસણાએ આગવી અદાથી વકતવ્ય આપી અને કહયું કે આજે સમય ને પકડે તે અવશ્ય સફળ થાય છે. જીવનમાં ડીસીપ્લીનનું મહત્વ સમજાવવાની સાથોસાથ કોન્ફીડન્સ ઉપર ફોકસ કરવાની અવશ્ય સફળતા મળે છે. તેમ જણાવી હેલ્થ પણ એક સંપન્ન છે અને હેલ્થને કેળવવાથી સફળતા મેળવી શકાય છે. કાર્ય કૌશલ્ય અને કોઠા સુઝ પણ જીવનમાં અગત્યની હોવાનું જણાવ્યું હતું.

શ્રી કર્નલ પ્રમોદભાઇ અંબાસણાએ કેન્દ્ર સરકારની અગ્નિવીર યોજના અંગેની વિસ્તૃત સમજ આપી તેમાં જોડાવા યુવાનોને આહવાન કર્યું હતું.

કર્નલ પ્રમોદભાઇ અંબાસણાના વકતત્વથી લોકો ખુબ જ પ્રસન્ન થયા હતા. તેમનું સન્માન કરવા અને તેમની સાથેની યાદગીરી માટે ફોટો પડાવવા પડાપડી થઇ હતી.

## શ્રી રસીકભાઇ બદ્રકીયા

રાજકોટના પ્રમુખ રસીકભાઇ બદ્રકિયાએ રાજકોટ જ્ઞાતિ દ્વારા થતા કાર્યોની માહિતી આપી મંદિરના સુવર્ણજયંતી મહોત્સવની ઉજવણીનું સૌને આમંત્રણ આપ્યું હતું.



રંજનબેન ભારદીયાનું સન્માન



સરકારી કર્મચારીનું મહિલા મંડળના હસ્તે સન્માન





જગુભાઈ ભારદીયા, રસીકભાઈ બદ્રકિયા, ચંદ્રેશ ખંભાયતાના હસ્તે વિદ્યાર્થી સન્માન

# રાજકોટ મંદિરનો શતાબ્દી મહોત્સવ ઉજવાશે : રસીકભાઈ બદ્રકિયા

## શ્રી ધનજીભાઈ પંચાસરા

રાજકોટ કન્યા છાત્રાલયના ટ્રસ્ટી ધનજીભાઈ પંચાસરાએ અમુભાઈ ભારદીયાની સમાજ સેવાની ભાવનાની વાત કરી તેમના દ્વારા ૩૦ લાખની સહાયથી ઉભા થઈ રહેલા દિવ્યાંગ બાળકોની સંસ્થા અંગે વાત કરી હતી.

કાર્યક્રમનું આભારદર્શન થયા બાદ સૌએ પ્રિતી ભોજન માણ્યું હતું.



મુકુંદભાઈ પેશાવરીયાના હસ્તે વિદ્યાર્થી સન્માન

નિયામક સમિતિના પ્રમુખ રમણીકભાઈ ગોરેચા, ટ્રસ્ટી દિલીપભાઈ ભારદીયા, અશોકભાઈ આમરણીયા, કાર્યવાહક સમિતિના પ્રમુખ ભરતભાઈ વડગામા, ઉપપ્રમુખ નિલેશ ખારેચા, મંત્રી ડો. હિમાંશુ બામરોલીયા, સહમંત્રી રાજેશભાઈ ભારદીયા, ખજાનચી નિલેશ ઈસલાણિયા, સભ્યો કમલેશ પીસાવડીયા, જેન્તીભાઈ પીસાવડીયા, સુરેશભાઈ ભારદીયા, કિશોરભાઈ ગોરેચા, નરેશભાઈ વીશરોલીયા, રાજેશભાઈ અંબાસણા, વિજયભાઈ બકરાણિયા, નિશાંતભાઈ ભારદીયા, પ્રમોદભાઈ વીશરોલીયા, યુવક મંડળના પ્રમુખ વિમલ ગોરેચા, ઉપપ્રમુખ ભાવિન બોરાણીયા, ખજાનચી વિમલ અખીયાણયા, મંત્રી ચેતનભાઈ વડગામા, સહમંત્રી પ્રશાંત અઘેડા તથા સભ્યો, મહિલા મંડળના પ્રમુખ કુંદનબેન આમરણીયા, ઉપપ્રમુખ ગીતાબેન અઘેડા, સંગીતાબેન સાંકડેચા, મંત્રી ભાવનાબેન વઘાડીયા, ખજાનચી મારૂતિબેન પેશાવરીયા, સહમંત્રી મિતલબેન આમરણીયા, સો. મંત્રી નિલાબેન ગોરેચા, સર્વિસ ગ્રુપના પ્રમુખ નિલેશ વડગામા, મંત્રી વિશાલ બદ્રકિયા, સહમંત્રી કિરણબેન અનુવાડિયા, ખજાનચી ચિરાગ સંચાણિયા વગેરેએ તેજસ્વી વિદ્યાર્થીઓનું, શિક્ષકોનું અને સરકારી કર્મચારીઓ, મહાનુભાવોનું સન્માન કરવામાં તેમજ આયોજન સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.



## આઝાદી કા અમૃત મહોત્સવની આંતરરાષ્ટ્રીય ઉજવણીના માહોલમાં

# મુંબઇ વિશ્વકર્મા બાગ દ્વારા ૧૫ ઓગસ્ટે યોજાયો ગુણ ગૌરવ ઇનામ વિતરણ સમારોહ



જયંતભાઇ જોલાપરા અને રાજુભાઇ પંચાસરા અને ગીતાબેન વઘાડીયાના હસ્તે સન્માન



ગીતાબેન વઘાડીયા અને પારસભાઇના હસ્તે સન્માન

દેશભરમાં જાણીતા એવા મુંબઇમાં આવેલ શ્રી ગુર્જર સુતાર વિશ્વકર્મા બાગમાં વર્ષોથી ૧૫ ઓગસ્ટના રોજ તેજસ્વી વિદ્યાર્થીઓના સન્માનનો કાર્યક્રમ યોજાયો છે. પરંતુ આ વર્ષે દેશ અને દુનિયામાં આઝાદી કા અમૃત મહોત્સવ યોજાયો તેજ દિવસે એટલે ૧૫ ઓગસ્ટના રોજ ગુણ ગૌરવ ઇનામ વિતરણ સમારોહ યોજાયો હોવાથી અને સાથોસાથ કોરોનામાં બે વર્ષ સત્કાર સમારંભ યોજી શકાયો ન હતો. તેથી આ વર્ષની ઉજવણી માટે સમાજમાં અનેરો ઉત્સાહ અને ઉમંગ હતો. સાથોસાથ આઝાદી કા અમૃત મહોત્સવની દેશ-દુનિયાની ઉજવણી સાથે જ આ કાર્યક્રમ



ભાજપના વાઇસ પ્રેસીડેન્ટ શ્રી ત્રિપાઠી અને શ્રી ગુરૂનાથ દેસાઇનું જયંતભાઇ જોલાપરા, તુષારભાઇ કથેચા અને પંકજભાઇ ભેસાણીયાના હસ્તે સન્માન

## વિદ્યાર્થીને તેની રસરૂચી પ્રમાણે આગળ વધવા દો : પારસભાઇ સંચાણીયા



ભાજપના સેક્રેટરી બિમલ બુટાનું શ્રી ગુરૂનાથ દેસાઇના હસ્તે સન્માન



પ્રાણભાઇ મહીધરીયા અને હસમુખ કરગથરાના હસ્તે પારસભાઇ સંચાણિયાનું સન્માન



શ્રી ગુરૂનાથ દેસાઇ અને તુષારભાઇ દ્વારા મિતુલબેનનું સન્માન

# ભાજપના મુંબઇના ઉપપ્રમુખ શ્રી ત્રીપાઠીજી, મંત્રી બીમલ બુટા અને રાષ્ટ્રીય કવિ પ્રદીપજીના પુત્રી મીતુલબેનની પ્રેરક ઉપસ્થિતિ

યોજાતા આનંદ-ઉમંગ ઉત્સાહની સાથે રાષ્ટ્રપ્રેમ પણ સમગ્ર કાર્યક્રમ દરમ્યાન ઉભરી આવ્યો હતો. સમગ્ર વિશ્વકર્મા બાગમાં રાષ્ટ્રીય પ્રેમના દર્શન થાય તેવા દેશપ્રેમ ભર્યા - ત્રિરંગામય વાતાવરણમાં યોજાયેલ કાર્યક્રમ માણવા સમગ્ર સમાજ ઉમટી પડયો હતો. આ કાર્યક્રમમાં મુંબઇ ભાજપના વાઇસ પ્રેસીડેન્ટ આચાર્ય પવન ત્રિપાઠી, સેક્રેટરી બીમલ બુટા, ભૂતપૂર્વ ધારાસભ્ય ગુરૂનાથ દેસાઇ ઉપરાંત રાષ્ટ્રીય કવિ પ્રદીપજીની પુત્રી મિતુલબેને ખાસ ઉપસ્થિત રહીને પ્રોત્સાહન પુરૂ પાડયું હતું.


મિતુલબેને વિશ્વકર્મા સાથેના સંસ્મરણો તાજા કર્યા હતા

એબીપી અસ્મિતા ન્યુઝ ચેનલની એંકર અને પ્રોડયુસર ગીતા વઘાડીયા અને મરચન્ટ નેવીના ચીફ ઓફીસર પારસભાઇ સંચાણિયાના મુખ્ય મહેમાનપદે યોજાયેલ ઇનામ વિતરણ સમારોહનો પ્રારંભ મહેમાનો અને ટ્રસ્ટી મંડળના મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટય થયા બાદ રાષ્ટ્રીય ગાનથી કાર્યક્રમનો શુભારંભ થયો હતો બાદમાં જાહનવી સંચાણીયાએ ડાન્સ પર ગીત રજુ કરીને સૌને ખુશ કર્યા હતા.

ત્યારબાદ ટ્રસ્ટીઓ અને મહાનુભાવોના હસ્તે ધોરણ ૧ થી ૧૨ કોલેજના વિદ્યાર્થીઓનું ટ્રસ્ટીઓ-મહાનુભાવોએ તબકકાવાર વિદ્યાર્થીઓનું અને મહેમાનોનું સન્માન કર્યું હતું. વિદ્યાર્થીઓના સન્માન વચ્ચે રાષ્ટ્રીય ભાવનાથી સભરગીતો રજુ કરવામાં આવ્યા હતા.

ધો. ૧ થી કોલેજના તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન ટ્રસ્ટ કમિટી ૨૦૧૮-૨૨ના પ્રમુખ જયંતભાઇ જોલાપરા, ટ્રસ્ટીઓ તુષારભાઇ કથ્રેચા, હર્ષદભાઇ ઘોરેચા, પ્રાણભાઇ મહીધરીયા, રાજુભાઇ પંચાસરા, ઉપરાંત પૂર્વ પ્રમુખ પંકજભાઇ ભેંસાણીયા, બટુકભાઇ ભાડેશીયા, વિઠ્ઠલભાઇ અઘેરા, દિલીપભાઇ ધ્રાંગધરીયા, બલવંતભાઇ ધ્રાંગધરીયા, જયંતીભાઇ પંચાસરા, હિતેશભાઇ પંચાસરા, જગદીશભાઇ પંચાસરા, હિતેશભાઇ પંચાસરા, જગદીશભાઇ ભાડેશીયા, સુરેશભાઇ અનુવાડીયા, ગીરીશભાઇ જાદવાણી, નયનભાઇ ધોળકીયા, હસમુખભાઇ કરગથરા વગેરેના હસ્તે કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મુખ્ય મહેમાન ગીતાબેન વઘાડીયાનું પ્રમુખ જયંતભાઇ જોલાપરા, પંકજભાઇ ભેસાણીયા અને હસમુખભાઇ કરગથરાએ મોમેન્ટો આપી સન્માન કર્યું હતું.


પ્રાણભાઇ અને તુષારભાઇના હસ્તે સન્માન


જયંતભાઇ જોલાપરાના હસ્તે પ્રવીણભાઇ બોરાણીયાનું સન્માન



પંકજભાઇ અને બટુકભાઇ ભાડેશીયાના હસ્તે સન્માન



પ્રાણભાઇ મહીધરીયાના હસ્તે સન્માન

## ભણતર સાથે ગણતર જરૂરી : ગીતા વઘાડીયા

આ પ્રસંગે મુખ્ય મહેમાન ગીતા વઘાડીયાએ પોતાના પ્રાસંગીક ઉદબોધનમાં આવા આયોજનથી વિદ્યાર્થીઓને પ્રેરણા અને ઉત્સાહ મળે છે તેમ જણાવી આ સુંદર આયોજન માટે વિશ્વકર્મા બાગને સુંદર પ્લેટફોર્મ પુરૂ પાડવા બદલ ટ્રસ્ટ કમિટીને અભિનંદન આપ્યા હતા.

ગીતા વઘાડીયાએ સફળતા માટે સમય અને શિક્ષણનું શુ મહત્વ છે તેની છણાવટ કરી હતી. ભણતરની સાથે જીવનમાં ગણતર પણ જરૂરી હોવાનું કહીને તેમણે વિદ્યાર્થીઓને પોતાની કારકિર્દી ઘડવા પોતાને જ પુછવુ જોઇએ. વિદ્યાર્થીઓ જાતે જ પોતાનો માર્ગ પસંદ કરે તેવું વાતાવરણ સર્જવું જોઇએ

મુખ્ય મહેમાન પારસભાઇ સંચાણિયાએ પ્રાસંગીક ઉદબોધનમાં વિદ્યાર્થીઓને પોતાની કારકિર્દી ઘડવા પોતાને જેમાં રસ અને રૂચી હોય તેમાં જ કારકિર્દી ઘડવા આગળ આવવું જોઇએ. તેમ જણાવ્યું હતું.

મરચન્ટ નેવીમાં ચીફ ઓફીસર તરીકે ફરજ બજાવતા પારસભાઇ સંચાણીયાએ કોરોના કાળમાં મરચન્ટ નેવીએ કઇ પરિસ્થિતિમાં કેવી કપરી કામગીરી કરી હતી તેની જાણકારી આપી પોતે કેવી રીતે આગળ આવ્યા તે પણ જણાવ્યું હતું. તેમજ શિક્ષણનું મહત્વ સમજાવી શિક્ષણથી જ ઓળખ ઉભી કરી શકાય છે. તેમ જણાવ્યું હતું.

### તુષારભાઇ કથ્રેચા દ્વારા કાર્યકર્તાઓને મીઠાઇનું વિતરણ

આ પ્રસંગે ઉપસ્થિત મુંબઇ ભાજપના વાઇસ પ્રેસીડેન્ટ આચાર્ય પવન ત્રિપાઠી, સેક્રેટરી બીલમ બુટા રાષ્ટ્રીય કવિ પ્રદિપજીની પુત્રી મિતુલબેન અને શિવસેનાના ભૂતપૂર્વ ધારાસભ્ય ગુરૂનાથ દેસાઇનું પણ મોમેન્ટો આપી તુષારભાઇ કથ્રેચા, જયંતભાઇ જોલાપરા, પંકજભાઇ ભેંસાણીયા વગેરેએ સન્માન કર્યું હતું.

કવિ પ્રદીપજીની પુત્રી મિતુલબેને આ પ્રસંગે ઉપસ્થિત રહીને જે આનંદની લાગણી વ્યાપી છે તેનુ વર્ણન અશક્ય હોવાનું જણાવી કહયું કે, આજે અહીં હાજર રહી તેથી મેં જીવન સાર્થક કર્યું હોવાની લાગણી અનુભવું છું. તેમણે વિશ્વકર્મા બાગ સાથેના જુના સંબંધો યાદ કરી સૌને



તુષારભાઇ અને મણીભાઇ વડગામાના હસ્તે ઇનામ



કાર્યક્રમનું સંચાલન મોનીકા સંચાણિયા અને મીતલ જોલાપરાએ કર્યું હતું.



# શ્રી ગુરૂનાથ દેસાઇનો વિશ્વકર્મા બાગને કાયમી સહયોગ : તુષારભાઇ કથેચા

અભિનંદન આપ્યા હતા.

મુંબઇ ભાજપના વાઇસ પ્રેસીડેન્ટ શ્રી ત્રિપાઠીએ આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણીના માહોલમાં આવા કાર્યક્રમનું આયોજન કરવા બદલ ટ્રસ્ટ કમિટીને અભિનંદન આપ્યા હતા. મુંબઇ ભાજપના મંત્રી બીમલ બુટાએ પણ આ પ્રસંગે ટ્રસ્ટી મંડળને અભિનંદન આપ્યા હતા.

તુષારભાઇ કથેચાએ ગુરૂનાથ દેસાઇ અને ભાજપના આગેવાનો દ્વારા વિશ્વકર્મા બાગને મળતા રહેલા સહયોગની પ્રસંશા કરી કહયુ કે બાગના નાના મોટા પ્રશ્નો હલ કરવા તેઓની મદદ હંમેશા મળતી રહે છે.



શ્રી ગુરૂનાથ દેસાઇએ પોતે વર્ષોથી આ સમાજ સાથે હોવાનું જણાવી પોતે આ સમાજના જ હોવાનું જણાવ્યું હતું.

આ પ્રસંગે વિશ્વકર્મા દાદા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ૧૭ જેટલા વિદ્યાર્થીઓને દરેકને રૂા. ૫૦૦૦ રોકડ પુરસ્કાર જયંતભાઇ જોલાપરા, પંકજભાઇ ભેસાણીયા વગેરેના હસ્તે અપાયો હતો.

આ પ્રસંગે જયંતભાઇ જોલાપરાએ કહયુ હતું કે, વિશ્વકર્મા દાદા ચેરીટેબલ ટ્રસ્ટની સ્થાપના થયા બાદ સાત વર્ષમાં ૫૦ લાખ રૂા. જેવી ફી વિદ્યાર્થીઓને શિક્ષણ માટે અપાઇ છે. દર વર્ષે વિદ્યાર્થીઓની માંગણી પ્રમાણે દર વર્ષે સાતેક લાખ રૂા.ની વિદ્યાર્થીઓને સહાય કરાય છે.

આ પ્રસંગે ધડક કારપેન્ટર યુનિયનના પ્રમુખ પ્રવીણભાઇ બોરાણીયાએ કોરોના કાળમાં કરેલ સમાજ સેવાને બિરદાવી પ્રમુખ જયંતભાઇ જોલાપરાના હસ્તે તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમનું સંચાલન મોનીકા સંચાણિયા અને મીતલ જોલાપરાએ કર્યું હતું. કાર્યક્રમ બાદ સૌએ પ્રિતી ભોજન પ્રસાદને આસ્વાદ માણ્યો હતો.

કાર્યક્રમનું સુંદર આયોજન કરવા પ્રમુખ જયંતભાઇ જોલાપરા, મંત્રી હર્ષદભાઇ ઘોરેચા, ખજાનચી નરેન્દ્રભાઇ વડગામા, ટ્રસ્ટીઓ, તુષારભાઇ કથેચા, પ્રાણલાલભાઇ મહીધરીયા, રાજુભાઇ પંચાસરા, ચિંતન ઘોરેચા, હસમુખ કરગથરા, રાજુ વિશરોલીયા, પરેશ અનુવાડિયા, નનદીત અનુવાડિયા, અમિત ભાડેશીયા, અલ્પા છનિયારા, મેહુલ તલસાણિયા, શોભા પિસાવડીયા, રીતુ ભારદીયા, ફાલ્ગુની ભેસાણિયા, મિત્તલ જોલાપરા, મોનિકા સંચાણિયા, ક્રિષ્ના સુરેલીયા, દિક્ષીતા વિરમગામા, જય સુરેલીયા, તનીશા વિરમગામા, યદવી સંચાણિયા, કૃષિ જોલાપરા, કરન ઘોરેચા, સંજય પિસાવડીયા, રમેશભાઇ અંબાસણા અને યુવાનોએ જહેમત ઉઠાવી હતી.

# હું વિશ્વકર્મા સમાજનો છું, તેવી અનુભૂતિ કાયમી થાય છે : શ્રી ગુરૂનાથ દેસાઇ



# પોરબંદરમાં યોજાયો સરસ્વતી સન્માન સમારોહ

# સ્કુલ કોલેજનું શિક્ષણ સમૃદ્ધિથી આપે પણ જીવનમાંથી મેળવેલ શિક્ષણ ચરિત્રનો વિકાસ કરે છે : જગુભાઇ ભારદીયા

● પ્રવીણ ગજ્જર




**કેતનભાઇ ગજ્જર અને જગુભાઇનું સાફો પહેરાવી સમાજે બહુમાન કર્યું**

શ્રી પોરબંદર ગુર્જર સુતાર જ્ઞાતિ દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવની પૂર્વ સંધ્યાએ એટલે કે ૧૪ ઓગસ્ટના રોજ પોરબંદરના રેલ્વે સ્ટેશન રોડ પર આવેલ શ્રી પોરબંદર ગુર્જર સુતાર જ્ઞાતિ ભવન ખાતે સરસ્વતી સન્માન કાર્યક્રમનું શાનદાર આયોજન કરવામાં આવ્યું હતું.

રાજકોટની કન્યા છાત્રાલયના ટ્રસ્ટી અને વિશ્વકર્મા મિકેનીકલ વર્કસના શ્રી કેતનભાઇ ગજ્જરના મુખ્ય મહેમાન પદે યોજાયેલા આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે રાજકોટની કન્યા છાત્રાલયના ચેરમેન જગુભાઇ ભારદીયા, વાઇસ ચેરમેન અમદાવાદના રમેશભાઇ તલસાણિયા(મારૂતિ), રાજકોટ ગુર્જર સુતાર જ્ઞાતિના પ્રમુખ રસીકભાઇ બદ્રકિયા, અમદાવાદ યુવક સંઘના પ્રમુખ ધર્મેન્દ્રભાઇ દેવળીયા, રાજકોટ વિશ્વકર્મા કેળવણી મંડળના પ્રમુખ ચંદ્રેશભાઇ ખંભાયતા, ધોરાજીના સમાબેન વડગામા વગેરે ઉપસ્થિત રહયા હતા. આ ઉપરાંત પોરબંદરના પ્રમુખ મુકેશભાઇ બકરાણિયા, મીનાબેન અંબાસણા (શિક્ષક), ચંદુભાઇ સાંકડેચા (લાલપુર), હિંમતભાઇ મેસવાણિયા (ઉપપ્રમુખ-જામખંભાળીયા), રાજકોટ કન્યા છાત્રાલયના ટ્રસ્ટી મગનભાઇ બોરાણીયા, જુનાગઢના પ્રમુખ રાજુભાઇ કરગથરા, પોરબંદરના રમણીકભાઇ ગજ્જર, સુરેશભાઇ છત્રાલીયા (ઉપલેટા) વગેરે ડાયસ પર બિરાજમાન થયા હતા.



મુખ્ય મહેમાન કેતનભાઇ ગજ્જરનું પાઘડી પહેરાવી સન્માનપત્ર આપી પ્રમુખ મુકેશભાઇ અને તેની ટીમ દ્વારા સન્માન



અમદાવાદના રમેશભાઇ તલસાણિયાનું સમાજ દ્વારા શાલ ઓઢાડી સન્માન



જગુભાઇ ભારદીયાના હસ્તે વિદ્યાર્થીનું સન્માન


રમેશભાઇના હસ્તે વિદ્યાર્થી સન્માન


ચંદ્રેશ ખંભાયતાના હસ્તે વિદ્યાર્થી સન્માન

## શ્રી રવિકુમાર ભારદીયા ફાઉન્ડેશન તરફથી જગુભાઇ ભારદીયાના હસ્તે વિદ્યાર્થીઓને શિક્ષણ સહાય

મહેમાનોના હસ્તે દીપ પ્રાગટય કર્યા બાદ પ્રાર્થના બાદ મીનાબેન બકરાણિયાએ સરસ્વતી વંદના કરી હતી.

મહેમાનોનું પ્રમુખ મુકેશભાઇ બકરાણિયા અને અન્ય મહાનુભાવોએ સન્માન કર્યા બાદ અનિલ દુધૈયાએ મહેમાનોનું શાબ્દીક સ્વાગત કર્યુ હતું.

મુખ્ય મહેમાન કેતનભાઇ ગજ્જરનો પરિચય આપી તેમના દ્વારા થતા સેવાકાર્ય અને સમાજલક્ષી કાર્યને બિરદાવ્યા બાદ પ્રમુખ મુકેશભાઇ બકરાણિયા અને મહાનુભાવોએ કેતનભાઇ ગજ્જરને સાફો પહેરાવી સન્માનપત્ર અર્પણ કર્યુ હતું.

આ ઉપરાંત અતિથી વિશેષ જગુભાઇ ભારદીયાનો પરિચય આપી તેમના દ્વારા પોરબંદર સમાજને મળેલ અનુદાનની વિગતો જણાવવામાં આવ્યા બાદ પ્રમુખ મુકેશભાઇ બકરાણિયા, ખજાનચી જીતેન્દ્રભાઇ સુરેલીયા અને ટ્રસ્ટી નિલેશભાઇ વેકરીયાએ જગુભાઇ ભારદીયાને સાફો પહેરાવી સન્માનપત્ર એનાયત કર્યું હતું.


જગુભાઇ ભારદીયા


ધર્મેન્દ્ર બદ્રકિયા

આ ઉપરાંત અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત અમદાવાદ યુવક સંઘના પ્રમુખ ધર્મેન્દ્ર દેવળીયા, રાજકોટના પ્રમુખ રસીકભાઇ બદ્રકિયા, કન્યા છાત્રાલયના વાઇસ ચેરમેન રમેશભાઇ તલસાણિયા, અવસાન નોંધ વોટસએપ ગ્રુપના સ્થાપક અમરશીભાઇ બકરાણિયાનું પ્રમુખ મુકેશભાઇ બકરાણિયાએ શાલ ઓઢાડી સન્માન કર્યું હતું. જયારે ધોરાજીના સમાબેન વડગામાનું શાલ ઓઢાડી સન્માન લતાબેન વેકરીયાએ કર્યું હતું. જયારે પોરબંદરના શિક્ષિકા મીનાબેન અંબાસણાનું મીનાબેન બકરાણીયા અને મીનાબેન સુરેલીયાએ શાલ ઓઢાડી સન્માન કર્યું હતું.

## શિક્ષણ થકી સમાજમાં સુગંધ ફેલાય છે : રસીકભાઇ બદ્રકિયા

કાર્યક્રમના પોરબંદરના પ્રમુખ મુકેશભાઇ બકરાણિયાનું જુનાગઢ સમાજ વતી પ્રમુખ રાજુભાઇ મિસ્ત્રી અને સાથીદારોએ શાલ ઓઢાડી સન્માન કર્યું હતું. જામખંભાળીયાના ઉપપ્રમુખ હિંમતભાઇ મેસવાણિયા અને સાથીદારોએ ઉપલેટાના પ્રમુખ સુરેશભાઇ છત્રાલીયા અને સાથીદારોએ અમદાવાદ યુવક સંઘના પ્રમુખ ધર્મેન્દ્ર દેવળીયા, સહમંત્રી મુકેશભાઇ સંચાણિયા, પ્રચાર મંત્રી કૃણાલ બદ્રકિયા, મણીનગર ગોરનો કુવો સંસ્થાના ઉપપ્રમુખ રાજુભાઇ વિરમગામા અને વેજલપુરના ટ્રસ્ટી રમેશભાઇ તલસાણિયાએ પણ પોરબંદરના પ્રમુખ મુકેશભાઇ બકરાણિયાએ શાલ ઓઢાડી સન્માન કર્યું હતું.

આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોએ પ્રાસંગીક ઉદબોધન કર્યું હતું.

### જગુભાઇ ભારદીયા

જગુભાઇ ભારદીયાએ કહયુ કે કર્મ એ જ ધર્મ અને શ્રમને સંસ્કૃત માનનારો આપણો વિશ્વકર્મા સમાજ રાજય અને દેશ-વિદેશમાં સર્જકતાનો વાહક છે. તેમણે વિદ્યાર્થીઓને કારકિર્દી ઘડયા બાદ સમાજ માટે આર્થિક દાન સમયદાન અને શકિતદાન આપી ઋણ ચુકવવું જોઇએ. તેમણે કહયુ કે શિક્ષણ આપણા સમાજમાં પહેલાથી વણાયેલું છે. આજના વિદ્યાર્થીઓ કોલેજમાંથી શિક્ષણ મેળવે છે. પરંતુ બાળક જન્મે છે ત્યારથી શિક્ષણ મળે છે. જે વસ્તુ જાણતા નથી અને જાણવા મળે તે શિક્ષણ. શિક્ષણ બે પ્રકારના હોય છે. સ્કુલ-કોલેજમાંથી મેળવેલ શિક્ષણ અને બીજુ જીવનના અનુભવોમાંથી મળેલુ શિક્ષણ. સ્કુલ કોલેજનું શિક્ષણ ડિગ્રી અપાવે. જયારે જીવનમાંથી મેળવેલ શિક્ષણ ચરિત્રનો વિકાસ કરે છે અને શાંત વ્યકિત બની શકીએ છીએ શિક્ષણથી આગવી ઓળખ ઉભી થાય છે અને મૃત્યુ પછી પણ ઓળખ કાયમ રહે છે. વ્યકિતનો સર્વાંગી વિકાસ એ જ સાચુ શિક્ષણ છે.

તેમણે કહયું કે શિક્ષણ વ્યવસાય ઉપરાંત સમાજમાં સમાનતાની શિસ્તની અને પ્રમાણિકતાની શિસ્તની, અને



મીનાબેન અંબાસણાનું સન્માન



સમાબેન વડગામાનું સન્માન



પ્રમાણીકતાની જરૂર છે. આ હશે તો જ દેશને ગૌરવવંતો બનાવી શકીશું.

તેમણે કહયું, જ્ઞાતિનો વિકાસ સંપૂર્ણ નાણાકીય સદ્ધરતા ઉપર આધારીત છે. પારદર્શક વહીવટ હોય તો દાતા દાન દેવામાં પાછી પાની કરતા નથી. આવું સુંદર આયોજન કરવા બદલ સંસ્થા પ્રત્યે આભારની લાગણી દર્શાવી હતી.

**ઓનલાઇન ખરીદીની ચુંગાલમાંથી બહેનો બચે : ધર્મેન્દ્રભાઇ દેવળીયા**

## ધર્મેન્દ્રભાઇ દેવળીયા

અમદાવાદ યુવક સંઘના યુવા પ્રમુખ ધર્મેન્દ્રભાઇ દેવળીયાએ વિદ્યાર્થીઓને તેમની રસ અને રૂચી પ્રમાણે આગળ વધવા દેવા જોઇએ. માતા-પિતાએ પણ પોતાના વિચારો સંતાનો પર ઠોકી બેસાડવા ન જોઇએ તેમ જણાવી સંતાન સાથે મિત્રતા કેળવી તેના મન જાણવાનો પ્રયત્ન કરવો જોઇએ. આમ થશે તો વિદ્યાર્થીઓનો પ્રોગ્રેસ જાતે જ દેખાશે.



કિરીટભાઇ પંચાસરા



મહેન્દ્રભાઇ સુરેલીયા

શ્રી ધર્મેન્દ્રભાઇ દેવળીયાએ ઓનલાઇન ખરીદી કરવાના બહેનોના ક્રેઝ સામે લાલ બતી ધરાવી જણાવ્યું હતું કે ઓનલાઇન ખરીદીથી પૈસા અયોગ્ય વ્યકિત સુધી પહોંચે છે. કેટલાક કિસ્સામાં આવી ઓનલાઇન ખરીદીથી આતંકવાદીઓને પણ આર્થિક પ્રોત્સાહન મળતુ હોય ઓનલાઇન ખરીદીનો કેઇઝમાંથી બહેનોએ બહાર આવવું જોઇએ તેમ પણ જણાવ્યું હતું.

## રસીકભાઇ બદ્રકિયા

રાજકોટ ગુર્જર સુતાર જ્ઞાતિના પ્રમુખ રસીકભાઇ બદ્રકિયાએ શિક્ષણનું મહત્વ સમજાવતા કહયૂં કે, શિક્ષણથી જ સમાજ ઉજળો છે. શિક્ષણ વગર પ્રગતિ મુશ્કેલ છે શિક્ષણથી જ સમાજમાં સુગંધ ફેલાવી શકાશે આવા સન્માન સમારંભના આયોજનથી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન મળતુ હોવાનું જણાવી આવા સુંદર આયોજન બદલ પોરબંદરની ટીમને અભિનંદન આપ્યા હતા. સાથોસાથ રસીકભાઇ બદ્રકિયાએ રાજકોટના સમાજ દ્વારા થતા કાર્યો અંગે સૌને વાકેફ કરી અને જણાવ્યું હતું કે રાજકોટના શ્રી વિશ્વકર્મા પ્રભુજી મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અને ૧૦૦ વર્ષ થઇ ગયેલા હોય શતાબ્દી વર્ષની ઉજવણી થઇ રહી હોવાનું જણાવી આ ઉજવણીના ભાગરૂપે દાદાનું સિંહાસન સોનાનું બનાવવાનું આયોજન છે. અને અત્યાર સુધીમાં ૩૮૬ ગ્રામથી વધુ સોનાનુ અનુદાન પણ મળી ચુકયુ હોવાનું જણાવી શતાબ્દી મહોત્સવની ઉજવણી માટે સૌને આમંત્રણ આપ્યું હતું.

## મીનાબેન અંબાસણા

પોરબંદરમાં શિક્ષિકા તરીકે ફરજ બજાવતા મીનાબેન અંબાસણાએ કન્યા કેળવણીનું મહત્વ સમજાવી કન્યા કેળવણી માટે સરકાર દ્વારા મળતી સવલતોનો લાભ લેવા અપીલ કરવાની સાથોસાથ અંગ્રેજીમાં પણ પહેલેથી ધ્યાન આપવા બહેનોને શીખ આપી હતી.

આ પ્રસંગે ભૂતપૂર્વ ટ્રસ્ટીઓ કિરીટભાઇ પંચાસરા અને મહેન્દ્રભાઇ સુરેલીયા, ધર્મેશભાઇ બકરાણિયા વગેરેએ પણ પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું. આ પ્રસંગે મહેમાનો અને ટ્રસ્ટીઓના હસ્તે ધોરણ ૧ થી કોલેજ સુધીના બાળકોનું શૈક્ષણિક કીટ આપીએ સન્માન કરાયું હતું.

રવિકુમાર ભારદીયા એજયુ. ટ્રસ્ટ તરફથી વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસ માટે આર્થિક સહયોગના ચેક જગુભાઇ ભારદીયાના હસ્તે એનાયત કરવામાં આવ્યા હતા. મુખ્ય મહેમાન કેતનભાઇ ગજજરે ડાયસ પર બેસવાની બદલે ઓડીયન્સ સાથે બેસી સાદાઇના અનોખા દર્શન કરાવ્યા હતા.

**કન્યા કેળવણી માટે સરકારી યોજનાઓનો લાભ લો : મીનાબેન અંબાસણા**

કાર્યક્રમનું સંચાલન મંત્રી નીતિશભાઇ બકરાણિયાએ કર્યું હતું.

પોરબંદર ગુર્જર સુતાર સમાજના પ્રમુખ મુકેશભાઇ બકરાણિયા, ઉપપ્રમુખ નિલેશભાઇ વેકરીયા, ટ્રસ્ટીઓ જીતુભાઇ સુરેલીયા, મનસુખભાઇ છત્રાલીયા, અનિલભાઇ દુધૈયા, નીતિશભાઇ બકરાણિયા, પ્રફુલભાઇ ઉમરાળીયા, અને યુવા કારોબારીના તુષારભાઇ બકરાણિયા, સુરજભાઇ બકરાણિયા, ભરતભાઇ મેસવાણીયા, મહેશભાઇ માંડવીયા, અંકિતભાઇ વીરમગામા, દિલીપભાઇ વડગામા અને મયુરભાઇ વડગામા સહિતનાએ આયોજન સફળ બનાવ્યું હતું. કાર્યક્રમ બાદ સૌએ સાથે પ્રિતીભોજનો આસ્વાદ માણ્યો હતો.

# વિશ્વકર્મા બાગના ટ્રસ્ટીઓની ૧૮ સપ્ટે.ના રોજ ચુંટણી

SGSV Estd. 1949

દેશ-વિદેશમાં જાણીતા એવા મુંબઇના શ્રી ગુર્જર સુતાર વિશ્વકર્મા બાગના ટ્રસ્ટીઓની મુદ્દત પુરી થતા નવી ૨૦૨૨ થી ૨૦૨૫ની ટ્રસ્ટ કમિટીની ચુંટણી ૧૮-૯-૨૨ના રોજ બપોરે ૧૨ થી સાંજના પાંચ યોજવામાં આવી છે. આજ દિવસે ચુંટણી પહેલા સામાન્ય સભા મળશે. ચુંટણી માટે ચુંટણી અધિકારી તરીકે શ્રી હિતેશભાઇ પ્રભુદાસ પંચાસરા અને મિતલભાઇ અમૃતલાલ જોલાપરાની નિમણુંક કરવામાં આવી છે.

ચુંટણી માટેના ઉમેદવારી પત્રકો લઇ ભરવાની તારીખ ૨-૯ રાખવામાં આવી હતી. તા. ૪-૯ના રોજ ઉમેદવારોની આખરી યાદી પ્રસિદ્ધ કરવામાં આવી હતી. તા. ૮-૯ સુધીમાં ફોર્મ પરત ખેંચવાની તારીખ રાખવામાં આવી હતી. ઉમેદવારીના ફોર્મની ચકાસણી બાદ તા. ૧૦-૦૯-૨૨ના રોજ ઉમેદવારોની આખરી યાદી પ્રસિદ્ધ કરવામાં આવી હતી. ૧૮-૯ના રોજ બપોરે ૧૨ થી સાંજના પાંચ દરમ્યાન સભ્યો મતદાન કરશે. અને મતગણતરી બાદ ચુંટાયેલા ઉમેદવારોના નામ જાહેર કરવામાં આવશે.

# મુંબઇમાં વિશ્વકર્મા બાગની ચુંટણીમાં જય વિશ્વકર્મા અને જય હો પેનલ વચ્ચે જંગ



જય વિશ્વકર્મા પેનલ



જય હો પેનલ

મુંબઇ ગુર્જર સુતાર વિશ્વકર્મા બાગની ૧૮મી રોજ યોજાયેલ ચુંટણીમાં ફોર્મ ભરવાના અંતિમ દિવસ સુધીમાં કુલ ૨૭ ઉમેદવારોએ પોતાના ફોર્મ ભરી દીધા છે. જેની સત્તાવાર યાદી ૪/૯/૨૨ના રોજ પ્રસિદ્ધ કરાશે. ઉમેદવારી પત્રક પાછુ ખેંચવાની અંતિમ તા. ૮-૯-૨૨ છે. ચકાસણી બાદ ઉમેદવારી પત્રકની આખરી યાદી તા. ૧૦-૯-૨૨ના રોજ પ્રસિદ્ધ કરાશે.

આ ચુંટણીમાં મુખ્ય બે પેનલ વચ્ચે ચુંટણી લડાશે જેમાં 'જય હો' પેનલ અને 'જય વિશ્વકર્મા' પેનલનો સમાવેશ ાય છે.

જય હો પેનલમાં (૧) હિતેશભાઇ પંચાસરા (૨) હરેશભાઇ કે. વિશરોલીયા (૩) આશીતભાઇ મિસ્ત્રી (૪) ગીરીશભાઇ જાદવાણી (૫) રસીકભાઇ વઘાડીયા (૬) તુષારભાઇ ધ્રાંગરિયા અને (૭) સુરેશભાઇ અનુવાડિયાના નામની જાહેરાત થઇ હતી. આ તમામે ઉમેદવારી પત્રકો ભર્યા છે. આ ઉપરાંત કિશોરભાઇ સીતપરા અને ધીરૂભાઇ વડગામાએ પણ ફોર્મ ભર્યા છે.

જયારે જય હો વિશ્વકર્મા પેનલમાંથી (૧) તુષારભાઇ કથ્રેચા (૨) વિઠ્ઠલભાઇ અઘેડા (૩) નયનકુમાર ધોળકીયા (૪) રાજેન્દ્રભાઇ પંચાસરા (૫) રમેશભાઇ અંબાસણા (૬) પ્રવીણભાઇ બોરાણીયા અને (૭) હર્ષદભાઇ વડગામાનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત સંજયભાઇ આહલપરા, રમેશભાઇ પંચાસરા, રાજુભાઇ પંચાસરા, રામભાઇ વીસાવડીયા, શાંતિભાઇ અનુવાડિયા, મનોજભાઇ ભારદીયા વગેરેએ પણ ઉમેદવારી પત્રકો ભર્યા હોવાનું જાણવા મળે છે.

**પરિવાર અને દેવસ્થાન**

# સત્તાપરમાં બિરાજતા ધ્રાંગધરિયા પરિવારના સુરાપુરા દાદા

**જયંતીભાઇ નગેવાડિયા**







ધ્રાંગધરીયા પરિવારનો વહીવટ 'શ્રી ગુર્જર સુતાર ધ્રાંગધરિયા કુટુંબ(પ્રા.) ટ્રસ્ટના નામથી ચાલે છે. ધ્રાંગધરિયા પરિવારના કુળદેવી શ્રી ચામુંડા માતાજી, શ્રી બહુચરાજી માતાજી તથા શ્રી મોમાઇ માતાજીનું સ્થાનક(મઢ) રાજકોટથી ૬૦ કિલોમીટર અને વાંકાનેરથી ૧૫ કિ.મી. આવેલ મહિકા ગામે (તા. વાંકાનેર, જી. રાજકોટ) આવેલ છે. અહીંયા પરિવારની વાડી જેવી મોટી જગ્યા છે. અને દરેક જાતની સુવિધાઓ છે. જયાં દર વર્ષે માતાજીનો હવન નવરાત્રિ બાદ દશેરા પછીના રવિવારે કરાવમાં આવે છે ત્યારે મુંબઇ, સુરત, વડોદરા રાજકોટ સહિતના ગામ-શહેરોમાંથી લગભગ ૪૫૦ જેટલા પરિવારજનો પધારે છે. અને હવન બાદ સમુહ ભોજન(પ્રસાદ)નું પણ આયોજન કરવામાં આવે છે. પરિવારના સુરાપુરાનાં ત્રણ સ્થાનક આવેલ છે જેમાં પરિવારના સુરાપુરાબાપા ધનજીબાપાનું સ્થાનક રાજકોટથી ૪૦ કિલોમીટરે કુવાડવા-વાંકાનેર હાઇવે પર આવેલ ખેરવા ગામ (તા. વાંકાનેર જી. મોરબી) ખાતે આવેલ છે. ખેરવા ખાતે દર ત્રણ વર્ષ ચૈત્રમાસમા સુરાપુરા બાપાને હવન કરવામાં આવે છે જયાં પરિવારજનો પધારે છે અને દર્શન અને પ્રસાદનો લાભ લ્યે છે.

સુરાપુરાબાપા ધનજીબાપાનું બીજુ સ્થાનક રાજકોટથી ૩૦ કિ.મી. દુર રાજકોટ-મોરબી હાઇવે પર આવેલ જરીયા ગામ ખાતે આવેલ છે.

સુરાપુરા બાપા કલ્યાણજીબાપાનું સ્થાનક રાજકોટથી ૧૭૦ કિલોમીટર અને ધ્રાંગધ્રાથી ૧૫ કિ.મી. દુર આવેલ સત્તાપર (તા. ધ્રાંગધ્રા-જી. સુરેન્દ્રનગર) ગામે આવેલ છે.

ધ્રાંગધરિયા પરિવારનો વહીવટ કમિટીના પ્રમુખ રસીકભાઇ ધ્રાંગધરિયા મો. ૯૯૦૪૩ ૫૨૪૨૬, મંત્રીશ્રી વિપુલભાઇ ધ્રાંગધરિયા-મો. ૯૯૨૪૧ ૨૮૪૮૪ તથા ખજાનચી અશોકભાઇ ધ્રાંગધરિયા મો. ૯૮૭૦૦ ૪૬૨૭૦ સંભાળે છે.

# ઓબીસી સમાજને ૨૭ ટકા પ્રતિનિધિ આપો

## સમર્પિત આયોગ સમક્ષ ગુર્જર સુતાર-લુહાર સમાજની ઉગ્ર રજુઆત





સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં ઓબીસી સમાજને વધુ અનામત મળે તે માટે સમર્પિત આયોગની રચના કરવામાં આવી છે. આ આયોગ દ્વારા રાજકોટમાં કલેકટર કચેરી ખાતે બે દિવસ સુધી સુનાવણી દરમ્યાન મેયરશ્રી પ્રદિપભાઇ ડવ, કોર્પોરેટર તેમજ ગુર્જર સુતાર જ્ઞાતિ, લુહાર જ્ઞાતિ સહિતની ઓબીસીમાં સમાવિષ્ટ જ્ઞાતિના પ્રતિનિધિઓએ પણ આયોગ સમક્ષ રજુઆત કરી હતી.

રાજકોટ ગુર્જર સુતાર જ્ઞાતિના પ્રમુખ રસીકભાઇ બદ્રકિયા, અધ્યક્ષ મુકેશભાઇ વડગામા, વિશ્વકર્મા વિશ્વના તંત્રી પ્રવીણ ગજ્જર, તેમજ અન્ય આગેવાનોએ પણ ઉપસ્થિત રહીને આયોગ સમક્ષ રજુઆત કરી હતી.

વિશ્વકર્મા પરિવારના કોર્પોરેટર કંચનબેન સિદ્ધપુરા સહિત ૧૦ મહિલા કોર્પોરેટરોએ પણ ઉપસ્થિત રહીને અનામત વધારવા માંગણી કરી હતી. સુનાવણીમાં મહિલાઓનું પ્રતિનિધિત્વ જોઇને આયોગે પણ ખુશી વ્યકત કરી હતી. અને સમાજના ઉત્કર્ષ માટે મહિલાની ભાગીદારીને તેમણે બિરદાવી હતી.

બે દિવસ સુધી સમર્પિત આયોગના ચેરમેન અને હાઇકોર્ટના નિવૃત્ત મુખ્ય ન્યાયધીશ કલ્પેશ ઝવેરીની અધ્યક્ષતામાં સભ્યો ઇશ્વરભાઇ પટેલ, શ્રી કે.એસ. પ્રજાપતિ તથા શ્રી બી.વી. ઠાકોર સમક્ષ ઓબીસી સમાજના પ્રતિનિધિઓની રજુઆતનો સુર એવો હતો કે ગ્રામ પંચાયત, તાલુકા-જીલ્લા પંચાયત નગરપાલિકા, મહાનગરપાલિકામાં ઓબીસી સમાજની અનામત ૧૦ ટકા વધારી ૨૭ ટકા સુધી લઇ જવી જોઇએ.

# શ્રી સૌરાષ્ટ્ર ગુર્જર સુ. જ્ઞાતિ યુથ ફોરમ દ્વારા સુંદરકાંડના પાઠ સાથે શ્રાવણી વિદાય





શ્રી સૌરાષ્ટ્ર ગુર્જર સુતાર જ્ઞાતિ યુથફોરમ-અમદાવાદ શ્રાવણી અમાસને અપરસ અને પરમપાવન અલવિદા તારીખ ૨૭/૮/૨૨ને શનિવાર પવિત્ર શ્રાવણ માસનો અંતિમ દિન--અમાવસ્યાનો દિન. આ દિને આ સંસ્થાના પરિસરમાં ધર્માનુરાગીનો મદહોશી મેળાવડો હતો. યોગાનુયોગ આ દિન સેવા અને સમર્પણ, પ્રતિક હનુમાનદાદાનો વાર હતો. તેથી સંકટમોચન પવનસુતને આરાધવા-કાકલુદી કરવા 'સુંદરકાંડ'ના પાઠનુ આયોજન કરવામાં આવેલ-આ શ્રદ્ધામય પઠન શ્રી શિવાલય સુંદરકાંડ ગૃપ-બોપલ તરફથી નિઃ શુલ્ક હતુ..તાલ અને લયબદ્ધ રીતે સમુહ પઠને ૪૦૦ થી ૪૫૦ ભક્તોને ધર્મલીન કરી દીધેલ-સમિતિ અને કર્મનિષ્ઠએ સાંજીદાના તાલે નૃત્યની મોજ માણી હતી. શ્રી વિશ્વકર્માદાદાની મહા-આરતીથી દાદાને પણ રીઝવેલા. પૂનિત-પસાદ બુંદી-કઢી-ખીચડીના ઉદારચરિત દાતા સંસ્થાના ઉપપમુખ શ્રી રાજેશભાઈ પાણશિણિયા (તથા દરજી સમાજની પણ ઉદારતા હતી) હતા. રાત્રે ૯-૦૦ બાદ આનંદના ગરબાથી કાર્યક્રમની પૂર્ણાહુતિ થયેલ. સંક્ષિપ્તમાં, આનંદનો ઉછાળ, ધર્મની લહેર અને મિલનની મમતાથી પરિસરનો માહોલ અનન્ય દિશતો હતો.

# ખારેચા પરિવાર દ્વારા સરવડમાં અદ્યતન વાડીનું નિર્માણ થશે

## ગાંધીનગરના સ્વ. ચીમનભાઇ પરિવાર તરફથી રૂા. ૫,૫૫,૫૫૫ અને રાજકોટના સ્વ. ભાવનાબેન રમેશભાઇ તરફથી ૩ લાખ બે હજારનું દાન






ખારેચા પરિવારના સુરાપુરા દાદા જયાં બિરાજમાન છે તે સરવડ ગામમાં (મોરબી પાસે માળીયા રોડ) સમાજની વાડીનું નિર્માણ હાથ ધરવામાં આવનાર છે. આ બાંધકામના ખર્ચને પહોંચી વળવા બાંધકામ ૧ ચોરસ ફૂટના ૧૫૦૦ રૂા. નકકી કરવામાં આવ્યા. જમીન માટે રસોડા દીઠ રૂા. ૧૧૦૦ નકકી કરવામાં આવ્યા હતા. અને આ રીતે ૧૧૦૦ રૂા. આવેલ હોય તેમની વચ્ચે ચીઠ્ઠી નાખી જેનુ નામ આવે તેના હસ્તે ભુમીપુજન કરવાનો નિર્ણય લેવાયો હતો. આના અનુસંધાને તાજેતરમાં પ્રગતિ મંડળ ખાતે ખારેચા પરિવારનું મિલન રાખવામાં આવ્યું હતું. આ મિલનમાં ઇલોરગઢના મહંત શ્રી મહેન્દ્ર બાપુ અને કથાકાર જયંતીભાઇ શાસ્ત્રી ઉપસ્થિત રહયા હતા. રસોડા દીઠ રકમ આપનાર વચ્ચે શ્રી મહેન્દ્ર બાપુના વરદ હસ્તે ડ્રો કરવામાં આવ્યો હતો. જેમાં ધુળકોટવાળા પ્રવીણભાઇ ખોડીદાસ ખારેચાનું નામ નીકળ્યું હતું. ૨૦૦ વાર જમીન પર બંધાનાર બે માળ સાથેની વાડીનું ખાતમુહૂર્ત પ્રવીણભાઇ ખોડીદાસભાઇ ખારેચાના હસ્તે થશે.



જમીન માટે સ્વ. ભાવનાબેન રમેશભાઇ ખારેચાએ રૂા. બે લાખ એક હજાર અને બીજા માળના બાંધકામ માટે ૩ લાખ એક હજાર મળીને કુલ ૫ લાખ બે હજારનું અનુદાન સ્વ. ભાવનાબેન રમેશભાઇ ખારેચા તરફથી જાહેર થયું છે. જમણવાર માટે રૂા. ૨૧,૦૦૦નું અનુદાન પણ તેમના તરફથી મળ્યું છે. વાડીના પ્રથમ માળ પર બનનાર મેઇન સભા ગૃહના દાતા સ્વ. ચીમનભાઇ લક્ષ્મણભાઇ ખારેચા છે. જેમના પરિવારે રૂા. ૫,૫૫,૫૫૫નું અનુદાન આવ્યું છે.

કાર્યક્રમમાં બકુલભાઇ ચીમનભાઇ ખારેચા, અરવિંદભાઇ ચીમનભાઇ ખારેચા(ગાંધીનગર), રમેશભાઇ પ્રેમજીભાઇ ખારેચા, રમેશભાઇ દયાળજીભાઇ ખારેચા, ભરતભાઇ ખારેચા સહિતના આગેવાનો ઉપસ્થિત રહયા હતા.

# અમદાવાદમાં યુવક સંઘ દ્વારા ૧૮મીએ વિદ્યાર્થી સન્માન કાર્યક્રમ


અમદાવાદમાં આવેલ સૌરાષ્ટ્ર ગુ.સુ. યુવક સંઘ દ્વારા તા. ૧૮ સપ્ટેમ્બરના રોજ વિદ્યાર્થી સન્માન સમારંભનું આયોજન કરવામાં આવ્યું છે. અમદાવાદના મણીનગર પૂર્વમાં આવેલ શ્યામાપ્રસાદ વસાવડા કમ્યુનિટી હોલ ખાતે યોજાનાર આ વિદ્યાર્થી સન્માન કાર્યક્રમમાં ૩૦૦ જેટલા વિદ્યાર્થીને ઇનામો આપવામાં આવશે. તેમ પ્રમુખ ધર્મેન્દ્રભાઇ દેવળીયા અને



શિક્ષણમંત્રી હિતેશ મહેમદાવાદીયાએ જણાવ્યું હતું.

સંસ્થા દ્વારા પ્રતિ વર્ષ વિદ્યાર્થીઓના સન્માન કાર્યક્રમ યોજાય છે. પરંતુ કોરોનાના સમયમાં કાર્યક્રમ બંધ રમાયા હતા. બે વર્ષ બાદ યોજાઇ રહેલા કાર્યક્રમને શાનદાર બનાવવા પ્રમુખ ધર્મેન્દ્ર દેવળીયાની રાહબરી હેઠળની સમગ્ર ટીમ કામે લાગી ગઇ છે.

# મુંબઇ વિશ્વકર્મા બાગમાં ૧૬૮મી અમાસની ભાવ-ભીની ઉજવણી





મુંબઇમાં શ્રી ગુર્જર સુતાર વિશ્વકર્મા ભજન મંડળ પાર્લા મુંબઇ દ્વારા તા. ૨૭-૮-૨૨ના રોજ શનિવારે આઝાદીના અમૃત મહોત્સવની સાથે ૧૬૮મી અમાસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. બપોરે બે વાગ્યે કિરીટભાઇ મહારાજના મુખેથી સત્યનારાયણની કથા રાખવામાં આવી હતી. ત્યારબાદ સાંજે ૫ વાગ્યે સ્તુતિ આરતી બાદ છપ્પન ભોગનો થાળ 'અન્નકુટ દર્શન'નો અને હિંડોળા દર્શનનો લાભ પણ ભાવિકોએ લીધો હતો. શ્રી જયંતીભાઇ શાસ્ત્રીના પ્રવચન બાદ કાઠીયાવાડી કોયલ એવા બિંદુબેન ભટ્ટ, ભાવનાબેન મિસ્ત્રી, નિર્મળસિંહ ઝાલા અને હિનાબેન ઠકકરના સુરના સથવારે અનિલ બગડાના તબલાના તાલના સથવારે રાસ ગરબાની રમઝટ બોલી હતી.

## અનોખી ગ્રુપ દ્વારા ૨૩૦ લોકોને મહાપ્રસાદ

ભજન બાદ અનોખી લેડીઝ ગ્રુપનના અરૂણાબેન પી. ભેસાણીયા, ગીરાબેન વઘાડીયા, નેહાબેન ઘોરેચા, નીતાબેન તુષારભાઇ ધ્રાંગધરિયા, અલ્પાબેન હરેનભાઇ અનુવાડીયા, માયાબેન જીતુભાઇ વડગામા તરફથી મહાપ્રસાદ રાખવામાં આવ્યો હતો. જેનો ૨૬૦ જેટલા ભાઇ-બહેનોએ લાભ લીધો હતો.

અન્નકુટના મુખ્ય દાતા પ્રતિભાબેન બટુકભાઇ ભાડેશીયા હતા અન્ય બહેનો પણ સહભાગી થયા હતા. તેમ રસીકભાઇ વઘાડીયાએ જણાવ્યું હતું.

# વિશ્વકર્મા બાગ મુંબઇ દ્વારા અમાસે ભકિત ગીતો સાથે મહાઆરતી યોજાઇ

## તુષારભાઇ કથ્રેચાએ કોરોના કાળથી આરતીનો પ્રારંભ કર્યો, જે આજે પણ ચાલુ છે




મુંબઇમાં આવેલ વિશ્વકર્મા બાગમાં તા. ૨૬ ઓગસ્ટના રોજ વિશ્વકર્મા બાગમાં શ્રી વિશ્વકર્મા દાદા મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ આયોજનના દાતા શ્રી તુષારભાઇ નાગજીભાઇ કથ્રેચા હતા. દર અમાસે ભાવિકો આરતી દર્શનનો લાભ લઇ મહાપ્રસાદનો લહાવો લે છે. આ અમાસના રોજ સાંજે ૬ વાગ્યે સુપ્રસિદ્ધ ગાયક વાસ્તવિક રોયનું લાઇવ ભકિતગીતોનું આયોજન કરવામાં આવ્યું હતું. અને મહાઆરતી થઇ હતી. કાર્યક્રમ બાદ રાત્રે ૮ વાગ્યે તુષારભાઇ કથ્રેચા તરફથી ચુરમાના લાડુ સાથેનું મીસ્ટ ભોજનનો પ્રસાદ સૌએ સાથે લીધો હતો. જેનો ૧૫૦થી વધુ ભાઇ-બહેનોએ લાભ લીધો હતો.

અમાસ નિમિત્તે વિશ્વકર્મા બાગમાં બિરાજતા વિશ્વકર્મા દાદાની આરતીનો પ્રારંભ તુષારભાઇ કથ્રેચાએ ૨૦૨૦માં કોરોના કાળથી કર્યો હતો. લોકડાઉન સમયમાં કડક પ્રતિબંધો હતા. પરંતુ તુષારભાઇ હયુમન રાઇટસના અધ્યક્ષ હોય તેમને લોકડાઉનમાં પણ ગમે ત્યાં જવાની પરવાનગી હતી અને તેથી દરરોજ વિશ્વકર્મા બાગમાં આવતા અને કામ કરતા લોકડાઉનમાં પણ દાદાની આરતી ચાલુ રહે તે માટે અમાસના રોજ દાદાની આરતીનો કાર્યક્રમ શરૂ કર્યો ત્યારબાદ આ સીલસીલો ચાલુ રહયો અને દર અમાસે વિશ્વકર્મા દાદાની આરતી ચાલુ થઇ. આ કાર્યક્રમ દર અમાસે ચાલુ રહયો. આરતીમાં ટ્રસ્ટીઓ અને સમાજના લોકો આવવા લાગ્યા અને આ અમાસે ૧૫૦થી વધુ લોકોએ વિશ્વકર્મા દાદાની મહાઆરતી સાથે પ્રસાદનો લાભ લીધો. **(અહેવાલ : પ્રવીણ બોરાણીયા)**

# શ્રી વિશ્વકર્મા કેળવણી મંડળ-સુરત દ્વારા યોજાયો ઇનામ વિતરણ કાર્યક્રમ













શ્રી વિશ્વકર્મા કેળવણી મંડળ સુરત દ્વારા તા. ૩૧-૦૭-૨૦૨૨, રવિવારના રોજ તેજસ્વી તારલાઓ માટે ભવ્ય ઇનામ વિતરણના કાર્યક્રમનું આયોજન 'સરદાર પટેલ સ્મૃતિ ભવન', મીની બજાર સુરત ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં સૌરાષ્ટ્ર ગુર્જર સુથાર જ્ઞાતિના ધોરણ ૧ થી ૧૨ અને કોલેજના તેજસ્વી વિદ્યાર્થીઓને સમાજના મહાનુભાવોના વરદહસ્તે ઇનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. ખુબ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને તેમના માતા-પિતા તેમજ જ્ઞાતિબંધુઓ આ કાર્યક્રમમાં હાજર રહયા હતા. કાર્યક્રમની શરૂઆત મુખ્ય મહેમાનશ્રીના હસ્તે દિપ પ્રાગટય વિધિથી કરવામાં આવી હતી. આ સાથે સાંસ્કૃતિ કૃતિઓ પણ રજુ કરવામાં આવી હતી. સ્વાગત ગીત (શબ્દો : આયો રે શુભ દિન આયો) જાદવાણી ભૂમિ અને રિદ્ધિ ઉપેન્દ્રભાઇ દ્વારા રજુ કરવામાં આવી હતી. ત્યારબાદ અન્ય ડાન્સકૃતિ (શબ્દો : બન કે તિતલી) પંચાસરા દ્રષ્ટિ નિતેષકુમાર તેમજ (શબ્દો : મારે હિવડે મે જાગી ડોગરી) ત્રેટિયા ધ્રુવિ ધર્મેશભાઇ દ્વારા અને દિકરીની સ્પીચ માંડવીયા ખનક દ્વારા કરવામાં આવી હતી. આ કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે ધર્મેન્દ્રભાઇ દેવળીયા, પ્રમુખશ્રી ગુર્જર સુથાર જ્ઞાતિ મંડળ, અમદાવાદ તથા આમંત્રિત મહેમાનશ્રીઓ હાજર રહયા હતા. સૌરાષ્ટ્ર ગુર્જર સુથાર જ્ઞાતિ મંડળ સુરતના પ્રમુખ કિશોરભાઇ ઉમડીયા, શ્રી વિશ્વકર્મા સત્સંગ મંડળ, સુરતના પ્રમુખશ્રી અશ્વિનભાઇ જાદવાણી, શ્રી વિશ્વકર્મા કેળવણી મંડળ, સુરત માજી પ્રમુખશ્રી આર.કે. ચંદ્રેશા સાહેબ તેમજ સમાજના વડીલો, ટ્રસ્ટીઓ અને સમાજ અગ્રણીઓ આ કાર્યક્રમમાં હાજરી આપી હતી. આ પ્રસંગે શ્રી વિશ્વકર્મા કેળવણી મંડળ સુરત પ્રમુખશ્રી અશોકભાઇ માંડવીયાએ સ્વાગત પ્રવચન દ્વારા સૌ આમંત્રિત મહેમાનો, અતિથિ વિશેષશ્રીઓનું સ્વાગત કર્યું. સમગ્ર સ્ટેજ સંચાલન મંત્રીશ્રી નિતેષભાઇ પંચાસરા દ્વારા તેમજ એન્કરીંગ સોંડાગર અજયભાઇ દ્વારા કરવામાં આવ્યું. કેળવણી મંડળના ખજાનચી અનિરુદ્ધભાઇ બકરાણિયાએ આભારવિધિ દ્વારા સૌનો આભાર વ્યકત કર્યો હતો.

# વિશ્વકર્મા સમાજના સુપુત્ર શહીદ વીર ઉમાકાંત કડીયાને પુષ્પાંજલી



૧૫મી ઓગસ્ટ ૭૬માં સ્વતંત્ર દિવસે નિમિત્તે પ્રાઇડ ઓફ વિશ્વકર્મા ફાઉન્ડેશન દ્વારા ખાડિયા ચાર રસ્તા ખાતે વિશ્વકર્મા સમાજના સુપુત્ર શહીદ વીર ઉમાકાંત કડિયા જે ભારત દેશમાં સૌપ્રથમ શહીદ થયેલ, તેઓને યાદ કરી પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી, જેમાં ખાડીયાના કોર્પોરેટર શ્રી મયુરભાઈ દવે તથા સુનિલભાઈ પંચાલ, પ્રાઈડ વિશ્વકર્મા ફાઉન્ડેશન, ગુજરાત પ્રદેશ પ્રમુખ), કેતનભાઇ પંચાલ (પ્રાઈડ વિશ્વકર્મા ફાઉન્ડેશન, ગુજરાત પ્રદેશ ઉપપ્રમુખ), ભારતીબેન પંચાલ (પ્રાઈડ વિશ્વકર્મા ફાઉન્ડેશન, અમદાવાદ શહેર ઉપપ્રમુખ), કિશોરભાઈ પંચાલ (પ્રાઇડ ઓફ વિશ્વકર્મા ફાઉન્ડેશન અમદાવાદ પશ્ચિમ ઝોન પ્રમુખ ), પુષ્પકભાઈ પંચાલ પ્રાઇડ ઓફ વિશ્વકર્મા ફાઉન્ડેશન અમદાવાદ દક્ષીણ ઝોન કારોબારી સભ્ય) તથા સ્વતંત્ર સેનાની વડિલ શ્રી દશરથભાઈ કડિયા (પહેલવાન), અને હર્ષદભાઈ પંચાલ (રિટાયર્ડ જજ) અને કાલુ રામજી લુહાર અખિલ ભારતીય શિલ્પકાર મહાસભા સચિવ, ધનજીભાઈ પંચાલ અખિલ (ભારતીય શિલ્પકારમાં સભા રાષ્ટ્રીય સદસ્ય, તથા લુહાર યુવા સમન્વય સિંહસ્થ સેના રાષ્ટ્રીય કારોબારી પ્રમુખ,અખિલ ભારતીય વિશ્વકર્મા મહાસભા પ્રમુખ), હરેશભાઈ ગજ્જર (સમાજ સેવક), અરવિંદભાઈ પંચાલ એસવીપી ફાઉન્ડેશન, ભુપતભાઈ સોની, ગોવિંદભાઈ એસ પંચાલ (રિટાયર્ડ રિઝર્વ બેંક મેનેજર,) પ્રફુલભાઈ કડિયા, કેતનભાઇ કડિયા, જીતેન્દ્રભાઈ કડિયા, રામચંદ્ર કડિયા, લાલાભાઇ કડિયા, યસ કડિયા, ગુણવંતભાઈ પંચાલ, જયશ્રીબેન કડિયા, ભુપતભાઈ સોની વગેરે વિશ્વકર્મા સમાજના મહાનુભાવોની હાજરીમાં અનોખી રીતે સ્વતંત્ર દિનની ઉજવણી કરી હતી.

# ગાંધીધામમાં સરસ્વતી સન્માન કાર્યક્રમ યોજાયો





શ્રી સમસ્ત ગુર્જર લુહાર જ્ઞાતિ ગાંધીધામ-કચ્છ દ્વારા રાષ્ટ્રીય પર્વ સ્વાતંત્ર્ય દિન અને અમૃત મહોત્સવ જેવા શુભપ્રસંગે સરસ્વતી સન્માન અને નારીશકિત સન્માન કરવાનો એક ભવ્ય કાર્યક્રમ સમાજની વાડીમાં ઉજવવામાં આવ્યો હતો.





કાર્યક્રમના મંચસ્થ રહયા હતા ટ્રસ્ટીશ્રી જેરામભાઇ દામજીભાઇ હંસોરા, કિશોરભાઇ ડુંગરશીભાઇ મકવાણા, રમેશભાઇ ખીમજીભાઇ પિત્રોડા, ગીરધરલાલ હરિલાલ પરમાર, હરેશભાઇ રામજીભાઇ સિદ્ધપુરા, ડુંગરશીભાઇ મકવાણા, ઉપપ્રમુખ સુરેશભાઇ મોરારજીભાઇ હંસોરા, પરસોતમ રામજીભાઇ સિદ્ધપુરા, વસંતભાઇ ડુંગરશીભાઇ મકવાણા સન્માનીય નારી કૈલાશબેન ધર્મેશભાઇ ચિત્રોડા તથા હેતલબેન મેહુલભાઇ પરમારે શોભાવ્યું હતું.

પ્રારંભમાં તમામ જ્ઞાતિ ભાઇ/બહેનોએ સમુહમાં રાષ્ટ્રગીત ગાયું હતું. બે વર્ષોમાં સદગતિ પામેલ આત્માઓને બે મિનિટ મૌન પાળી શ્રદ્ધાંજલી અપાઇ હતી.

ત્યારબાદ સંસ્થાના પ્રમુખશ્રીએ સર્વે જ્ઞાતિજનોને શાબ્દિક આવકાર્યા હતા અને બે વર્ષ દરમ્યાન કરેલી કામગીરીની વિગતવાર માહિતી આપી હતી અને ભવિષ્યમાં જ્ઞાતિ માટે કરવાના કાર્યોની માહિતી પણ આપી હતી જેમાં તમામ જ્ઞાતિજનોનો સહકાર મળેલ તે બાબતે સર્વેનો આભાર માન્યો હતો.

કાર્યક્રમનો દોર ઉપપ્રમુખ સુરેશભાઇ હંસોરા તથા કૈલાશબેન ચિત્રોડાએ સંભાળ્યો હતો. જેમાં ધો. ૧-૨ને પરસોતમભાઇ સિદ્ધપુરા, ધો. ૩-૪ને જગદીશભાઇ સિદ્ધપુરા, ધો. ૫-૬ને દિપકભાઇ પરમાર, ધો. ૭-૮ને મહેશભાઇ મકવાણા, ધો. ૯-૧૦ને ટ્રસ્ટીશ્રી રમેશભાઇ પિત્રોડા, ધો. ૧૧ને સુરેશભાઇ હંસોરા, ધો. ૧૨ને જયંતભાઇ મકવાણા તથા કોલેજના એફ.વાય અને એસ.વાય.ના વિદ્યાર્થીઓને ટ્રસ્ટી હરેશભાઇ સિદ્ધપુરા, ટી.વાય.ના વિદ્યાર્થીઓને પ્રમુખશ્રી સુર્યકાંત હરસોરા, આઇ.ટી.આઇ.ના બાળકોને સુરેશભાઇ હંસોરા તથા ડો. હેમાંગીબેન પ્રકાશભાઇ પરમારને ટ્રસ્ટી કિશોરભાઇ તથા શ્રીમતી વૈશાલીબેને સન્માન્યા હતા.

આ ઉપરાંત વિશિષ્ટનારી સન્માન શ્રીમતિ કૈલાશબેન ડી. ચિત્રોડા અને શ્રીમતી હેતલબેન એમ. પરમારને સન્માન અપાયું હતું જે ટ્રસ્ટી કિશોરભાઇ મકવાણા, રમેશભાઇ પિત્રોડા, શોભનાબેન મકવાણા, ઉષાબેન વાઘેલા તથા રમીલાબેન પરમાર દ્વારા અપાયું હતું.

ત્રણેય સન્માનીય નારીઓએ સન્માનનો પ્રત્યુતર આપેલ. ટ્રસ્ટી રમેશભાઇ પિત્રોડાએ પ્રસંગને પ્રેરક આર્શીવચન આપવામાં આવેલ.

આવા કાર્યક્રમોને પ્રોત્સાહન મળતુ રહે અને વધુ બાળકો અને વાલીઓ ઉત્સાહ બતાવે તે માટે આર્થિક યોગદાન વૈશાલીબેન પિત્રોડા, પ્રભુલાલ સિદ્ધપુરા, પુરષોતમભાઇ સિદ્ધપુરા, સખી ગ્રુપ તથા તમામ ટ્રસ્ટી ગણે આપ્યું હત્રુ.

કાર્યક્રમના અંતે પ્રમુખશ્રી સુર્યકાંતભાઇ હરસોરા તરફથી સર્વેને માટે નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવેલ તથા નાના બાળકો માટે બિસ્કીટ દિપકભાઇ પિત્રોડા તરફથી સ્વ. દિવ્ય પિત્રોડાના જન્મદિવસ નિમિત્તે આપવામાં આવેલ.

આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે કમિટીના હાજર તમામ સભ્યો તથા યુવા કાર્યકર નકુલ સુરેશભાઇ હંસોરાએ સેવા આપી હતી જેની નોંધ સંસ્થાએ લીધી હતી. પુર્ણાહુતિમાં આભારવિધિ ગીરધરલાલ હરિલાલ પરમારે કરી હતી.

## વિશ્વકર્મા વિશ્વ

**લેખકોને...**

**વિશ્વકર્મા વિશ્વનો આગામી અંક ઓકટોબરમાં પ્રસિદ્ધ થશે. દિપોત્સવી વિશેષાંક માટે લેખકોને વાર્તા-કાવ્ય-ચિંતન લેખ સહિતની વાંચન સામગ્રી આપવા આમંત્રણ છે. પસંદગીની કૃતિઓનો સમાવેશ દીપોત્સવી અંકમાં સમાવેશ થશે.**

**કૃતિ મોકલવાની છેલ્લી તારીખ : 30 સપ્ટેમ્બર-૨૦૨૨**

**સંપર્ક : પ્રવીણ ગજ્જર (મો. ૯૦૯૯૯ ૪૯૫૬૫) - E-mail : vishwakarmavishwa@yahoo.com**

# માત્ર ૫ મિનિટમાં બનતી ચુલા વગરની અવનવી મિઠાઈઓ

# કિચન તડકા

શુભદા ભટ્ટી



## (૧) પિનટ લાડુ :

**સામગ્રી :**

- શેકેલા શીંગનો પાવડર – ૧ કપ
- દળેલા ખાંડ – અડધો કપ
- ઘી – ૨ મોટી ચમચી
- ઇલાચી પાવડર – ૧ નાની ચમચી
- પિસ્તા કતરણ – ડેકોરેશન માટે

**બનાવવાની રીત :**

એક બાઉલમાં શીંગનો પાવડર, ખાંડ, ઇલાચી પાવડરને મિકસ કરો. તેમાં જરૂર મુજબ ઘી ઉમેરતા જવું. બોલ બને એવું મિશ્રણ તૈયાર કરવું. હવે તેમાંથી નાની સાઇઝના બોલ બનાવી પિસ્તા કતરણથી ડેકોરેશન કરવું.

## (૨) ખજુર કોકોનટ બોલ :

**સામગ્રી :**

- ખજુર બી વગરની – ૧ કપ
- ટોપરાનું કમપણ – ૧/૨ કપ
- કોકો પાવડર – ૧ મોચી ચમચી

**બનાવવાની રીત :**

એક મિક્ષરમાં ખજુર, કોકો પાવડર, ૧ ચમચી ટોપરાનું ખમણ લઇને મિક્ષ કરવું. તેના નાના બોલ વાળીને ટોપરાના ખમણમાં રગદોળવું.

## (૩) ડ્રાયફ્રુટ કોકોનટ લાડુ :

**સામગ્રી :**

- ટોપરાનું ખમણ – ૧ કપ
- મિલ્ક પાવડર – ૨ મોટી ચમચી
- બદામ, પિસ્તા, કાજુ પાવડર – ૨ મોટી ચમચી
- દુધમાં પલાળેલ કેસર – ૪ થી ૫ ચમચી

**બનાવવાની રીત :**

એક બાઉલમાં ટોપરાનું ખમણ, મિલ્ક પાવડર, ડ્રાયફ્રુટ પાવડર એડ કરી મિકસ કરવું. હવે તેમાં જરૂર મુજબ દુધમાં પલાળેલ કેસર એડ કરવું. દુધ વધારે ઉમેરવુ નહીં. વધારે પડતા દુધને કારણે લાડુ પોચા થશે અને લાડુ વળશે નહીં. તૈયાર થયેલ મિશ્રણમાંથી લાડુ વાળી લેવા.

## (૪) ચોકો બોલ :

**સામગ્રી :**

- ઓરીઓ ચોકલેટ બિસ્કીટ – ૮ થી ૧૦ નંગ
- ચોકલેટ સીરપ – ૫ થી ૬ મોટી ચમચી
- ટોપરૂ પાવડર – ૧ ચમચી
- બદામ કતરણ – ૩ થી ૪ ચમચી

**બનાવવાની રીત :**

એક મિક્ષરમાં બિસ્કીટનો ભુકકો કરી લેવો. અને બાઉલમાં કાઢી લો. પછી તેમાં ટોપરૂ પાવડર, બદામ કતરણ, જરૂર પ્રમાણે ચોકલેટ સીરપ એડ કરીને મિશ્રણ બનાવો. આ મિશ્રણમાંથી મીડિયમ સાઇઝના બોલ બનાવો.

## (૫) પનીર ડ્રાયફ્રુટ લાડુ :

**સામગ્રી :**

- પનીર : મિકસ ડ્રાયફ્રુટ પાવડર – ૧ કપ
- મિલ્ક પાવડર – ૧ કપ
- કનડેન્સ મિલ્ક – ૧/૪ કપ
- રોઝ સીરપ – ૨ ચમચી
- દુધ – ૨ ચમચી

**બનાવવાની રીત :**

એક મિક્ષરમાં પનીર, મિલ્ક પાવડર, કનડેન્સ મિલ્ક, રોઝી સીરપ, દુધ એડ કરી બધુ મિકસ કરી લેવું. તૈયાર મિશ્રણમાંથી લાડુ બનાવીને ડ્રાયફ્રુટ પાવડરમાં રગદોળી લેવા.

॥ ૐ શ્રી વિશ્વકર્મણે નમઃ ॥

ટ્રસ્ટ રજી. નં. એ-૨૦૭૮

# શ્રી ગુર્જર સુતાર જ્ઞાતિ-રાજકોટ

## શ્રી વિશ્વકર્મા પ્રભુજીનું મંદિર

શ્રી વિશ્વકર્મા પ્રભુજી માર્ગ, દિવાનપરા મેઈન રોડ, રાજકોટ.
ફોન : ૦૨૮૧-૨૨૨૨૪૪૫, મો. ૮૪૦૫૮૪૦૫૦૮

શ્રી વિશ્વકર્મા પ્રભુજીની મુર્તિ પ્રાણપ્રતિષ્ઠા

100

૧૯૨૨-૨૦૨૨

## શતાબ્દી વર્ષ ઉજવણી

સુવર્ણ સિંહાસન મહાસંકલ્પ

શ્રી વિશ્વકર્મા પ્રભુજી મંદિર, રાજકોટ



## દાદાના સુવર્ણ સિંહાસન માટે
## સુવર્ણદાન માટે
## સુવર્ણ અવસર...

આપ પણ આ સુવર્ણ દાન ભેટ આપીને ધર્મસેવાનો લાભ લઈ શકો છો. આ દાનની રકમ મંદિરના બેંક એકાઉન્ટમાં સીધી જ જમા કરાવી શકો છો. ૧-ગ્રામ સુવર્ણ દાનની રકમ રૂા. ૫૧૦૦/- નકકી કરેલ છે.

| શ્રી રસિકભાઈ ડી. બદ્રકીયા | શ્રી પ્રદિપભાઈ કે. કરગથરા | શ્રી મુકેશભાઈ આર. વડગામા |
|---|---|---|
| પ્રમુખશ્રી | માનદ્ મંત્રીશ્રી | અધ્યક્ષશ્રી |
| +91 92276 12073 | +91 98244 79356 | +91 98256 19915 |

ટ્રસ્ટીશ્રીઓ, કારોબારી સભ્યશ્રીઓ - શ્રી ગુર્જર સુતાર જ્ઞાતિ, રાજકોટ.

**આપનું અનુદાન સીધુ જ ટ્રસ્ટના બેંક એકાઉન્ટમાં જમા કરી શકો છો.**

| | |
|---|---|
| Account Name : | SHRI GURJAR SUTAR GNATI-RAJKOT |
| Account No.: | 310110100001280 |
| Bank : | BANK OF INDIA, LAKHAJIRAJ ROAD, RAJKOT. |
| RTGS/NEFT IFSC : | BKID0003101 |
| Type of Account : | SAVINGS ACCOUNT |


સૌજન્ય : વિશ્વકર્મા વિશ્વ | વિશ્વકર્મા વિશ્વ NEWS Today | Ramy Publication | GUJARAT360

VISHWAKARMA VISHWA(Gujarati), MONTHLY, RNI Regd. No. GUJGUJ/2013/49269. Post Reg. No. RAJKOT/497/2021-2023. Posted at Rajkot RMS on 10th of Every Month

# વિશ્વકર્મા વિશ્વ

**(ઓકટોબર-નવેમ્બર સંયુકત અંક)**

# દીપોત્સવી વિશેષાંક




વિશ્વકર્મા વિશ્વનો આગામી સંયુકત અંક

**દીપોત્સવી વિશેષાંક** તરીકે ઓકટોબરના બીજા પખવાડિયામાં પ્રસિદ્ધ થશે.

**દીપોત્સવી વિશેષાંક**માં પસંદગીના સ્થાન માટે

**આપની જાહેરાત આજે જ બુક કરાવો...**

**આપની જાહેરાત મોબાઈલ એપ અને ડીઝીટલ એડીશનમાં પણ પ્રસિદ્ધ થશે.**

**(જાહેરાત આપવાની છેલ્લી તારીખ ૫ નવેમ્બર-૨૦૨૨)**

Ramy Publication

૩૨૦, હિરાપન્ના, ડો. યાજ્ઞિક રોડ, રાજકોટ–૧.

**સંપર્ક : પ્રવીણ ગજ્જર – મો. ૯૦૯૯૯ ૪૯૫૬૫** E-mail : vishwakarmavishwa@yahoo.com

VISHWAKARMA VISHAWA (GUJARATI-MONTHLY)
Editor-Publisher-Owner & Printer: Pravin Dayaljibhai Gajjar (Bhadeshia), Printed & Published at Ramy Printers, 'Meghavi', R.M.C. Nagar, Near Jain Boarding, Airport Road, Rajkot-360007, (Gujarat)
**If Undelivered Please Return : રમ્ય પબ્લીકેશન, ૩૨૦-હીરાપન્ના કોમ્પ્લેક્ષ, ડો. યાજ્ઞિક રોડ, રાજકોટ-૩૬૦૦૦૧**